# જૈન જાગૃતિ સેન્ટર સેન્ટ્રલ બોર્ડ

## જાગૃતિ સંદેશ

૨૦૧, માથારૂ આર્કેડ, સુભાષ રોડ, વિલેપાર્લા (પૂર્વ), મુંબઈ-૫૭. ફોનઃ ૬૬૯૭૩૦૩૮/૬૫૭૨૬૬૩૬

www.jainjagruti.com
www.jainjagruticentre.com
www.jainjagruticentre.org

માનદ્ તંત્રી : **શ્રી રમેશ એમ. સંઘવી**
સહતંત્રી : **શ્રી અશોક એ. શાહ**



## કેબિનેટ કમિટી

| | |
|---|---|
| ચૅરમૅન | : શ્રી જિતેન્દ્ર એસ. કોઠારી |
| આઈ.પી.ચૅરમૅન | : શ્રી કિરણ એચ. શાહ |
| ફાઉન્ડર ચૅરમૅન | : શ્રી ચીમનલાલ એસ. ગોસલિયા |
| વાઈસ ચૅરમૅન | : શ્રી રમેશ જે. મોરબિયા |
| | શ્રી પ્રફુલ્લ એમ. શાહ |
| સેક્રેટરી જનરલ | : શ્રી સંજય બી. શાહ |
| સેક્રેટરી | : શ્રી પ્રફુલ્લ વી. કામદાર |
| | શ્રી કિશોર એસ. શેઠ |
| | શ્રી કીર્તિ પી. સખપરા |
| ડેવલપમેંટ સેક્રેટરી | : શ્રી જયંતીલાલ કે. છાડવા |
| ખજાનચી | : શ્રી અનિલ જી. દોશી |
| તંત્રી | : શ્રી રમેશ એમ. સંઘવી |

## જૈન જાગૃતિ સેન્ટર સેન્ટ્રલ બોર્ડ ચૅરિટેબલ ટ્રસ્ટ-કમિટી

| | |
|---|---|
| ચૅરમૅન | : શ્રી કિશોર એન. શાહ |
| તા.ભૂ.પૂ.ચૅરમૅન | : શ્રી કિરણ એચ. શાહ |
| વાઈસ ચૅરમૅન | : શ્રી ચંદ્રવદન આર. શાહ |
| વાઈસ ચૅરમૅન | : શ્રી રમેશ જે. મોરબિયા |
| સેક્રેટરી | : શ્રી જિતેન્દ્ર એસ. કોઠારી |
| સેક્રેટરી | : શ્રી સંજય બી. શાહ |
| જો. સેક્રેટરી | : શ્રી પ્રફુલ્લ વી. કામદાર |
| ખજાનચી | : શ્રી હસમુખ કે. દેઢિયા |
| સહખજાનચી | : શ્રી કિશોર એસ. શેઠ |

**: ટ્રસ્ટીઓ :**

| | |
|---|---|
| શ્રી દીપચંદ એસ. ગાર્ડી | શ્રી પ્રવીણ જી. શાહ |
| શ્રી કમલેશ સી. શાહ | શ્રી હર્ષદ જે. ગાંધી |
| શ્રી રાજેશ સી. ગાંધી | શ્રી નીતિન એમ. સંઘવી |
| શ્રી રસિક એન. કોઠારી | શ્રી જયંતીલાલ કે. છાડવા |
| શ્રી શૈલેશ ડી. શાહ | શ્રી અનિલ જી. દોશી |
| શ્રી રાજેષ આર. ભણસાલી | શ્રી રમેશ એમ. સંઘવી |

- પત્રિકામાં પ્રગટ થતા લેખો કે વિચારો લેખકના અંગત છે. તેની સાથે સંસ્થા કે તંત્રી સહમત છે એમ માની લેવું નહીં.
- કાનૂની કાર્યવાહીનું અધિકાર ક્ષેત્ર મુંબઈ રહેશે.



**છૂટક મૂલ્ય રૂ.૫/-  વાર્ષિક લવાજમ રૂ.૪૦/-**


## Message From The CHAIRMAN.....



**પ્રિય સ્નેહાળ**
**ભાઈઓ, બહેનો અને બાળકો,**

આ કૉલમમાંથી વિદાય લેવાની ઘડી ક્ષિતિજ પર આવી ગઈ છે. આપણી સંસ્થાના બંધારણ ઘડનારા, જેમાં હું પણ હતો, ખૂબ જ દૂરંદેશી વાપરી કોઈ પણ જણ સંસ્થા પર કાયમી પગદંડો જમાવી ન દે અને બીજા કાબેલ નવલોહિયાને યોગ્ય સમયે તક મળે તેવી જોગવાઈ કરીને રાખેલી છે. આ કૉલમના માધ્યમ દ્વારા મને મારા વિચારો પ્રદર્શિત કરવાની તક મળી છે. મારા અનુભવોનો નિચોડ, સાંપ્રત પરિસ્થિતિ, પછી તે સામાજિક હોય કે રાજકીય હોય, આર્થિક હોય કે ધાર્મિક હોય, મારી રીતે પૃથક્કરણ કરી આપની સમક્ષ પ્રદર્શિત કર્યાં. આપે વાંચ્યા અને ફોન દ્વારા તેના ખૂબ જ યોગ્ય પ્રતિભાવ આપ્યા જેને હું મારી મેળવેલી મૂડી જ સમજુ છું. આગામી અંકમાં આ વિશે વિસ્તૃતમાં વલોણું કરીશ.

આમ જોઈએ તો આપણા પરિવારમાં ૬૪૦૦૦ + સભ્યો થઈ ગયા છે અને એ આંકડો મોટો ને મોટો થતો જાય છે. નવા સેન્ટર બનાવવામાં આપણે તકેદારી રાખીએ છીએ. ઘણાં પરીક્ષણો બાદ જ અનુમતિ આપીએ છીએ, કારણ આપણે Qualityમાં માનીએ છીએ Quantityમાં નહીં. હરેક નુક્કડ ઉપર આપણું સેન્ટર હોવું જોઈએ તેમ હરગિસ માનતા નથી અને તેથી હું દાવા સાથે કહી શકું કે આપણા દરેક સભ્યોનું Blood Group, રમેશ સંઘવીના કહેવા પ્રમાણે JJC + છે. બધા જ સભ્યો JJCમય છે. જેજેસીના કાર્યક્ષેત્રનું ફલક પણ વિસ્તરતું જ જાય છે અને બધા જ અદના સભ્યો બહુ જ ઉમંગપૂર્વક કાર્ય કરી રહ્યા છે. મને આનંદ પણ છે અને ગર્વ પણ છે, કારણ છેલ્લાં ૩૦ વર્ષથી હું જેજેસી સાથે સંકળાયેલો છું.

આવા આપણા કાર્યકર્તાઓની જાહોજલાલીથી ભરેલા પરિવારમાંથી જ્યારે કોઈ સિતારો વિદાય લે ત્યારે આપણને ખૂબ જ દુઃખ થાય. તાજેતરમાં જ બે સ્તંભસ્વરૂપ સિતારા ખરી પડયા. શ્રી મહેન્દ્રભાઈ ધ્રુવ જેઓ જેજેસી-તારદેવના કાર્યરત સેક્રેટરી હતા. વિચારો અને વ્યવસ્થામાં તેઓ કાયમ અગ્રણી હતા. તેમની વિદાયથી જેજેસીને ભારે ખોટ પડી છે. બીજા એવા જ જેજેસીના વિરલા જેજેસી-સુરેન્દ્રનગરના પૂર્વપ્રમુખ અને કમિટી સભ્ય (હાલમાં) શ્રી દિનેશભાઈ વોરા. તેઓ જેજેસીમાં સમૂહલગ્નના પ્રણેતા હતા. તેઓ પણ આર્ષદષ્ટા હતા. તેમની પણ અચાનક વિદાયથી આપણને બહુ જ મોટી ખોટ પડી છે. હું આ બન્ને મહાનુભાવોને આપણા પરિવાર વતી શ્રદ્ધાંજલિ અર્પું છું.

છેલ્લા કેટલાય સમયથી આપ સૌએ નોંધ્યું હશે કે મને ગંદા

રાજકારણ અને એમાંથી ઉત્પન્ન થતી બાયપ્રોડક્ટ-ભ્રષ્ટાચાર, અનીતિ, અપ્રામાણિક્તા, સામાજિક અને રાજકીય વિષમતા પર સખત નફરત છે, એલર્જી છે. દિવ્ય સંસ્કૃતિને અને સંસ્કારિતાને વરેલો આપણો મહાન દેશ અત્યારે ક્યા સ્થાને ઊતરી ગયો છે! સંસ્કૃતિ સાથે આવેલી સંપત્તિને કારણે તો દુનિયાઆખીના લોકોએ ભારત દેશ તરફ દોટ મૂકેલી. ફક્ત નામ અને વખાણ સાંભળેલાં, પણ આપણો દેશ ક્યાં આવ્યો તેની પણ ખબર નહીં હોવા છતાં આંધળી દોટ મૂકેલી અને એ દોટમાં જ અમેરિકા જેવા પ્રદેશની અનાયાસે શોધ થઈ અને પછી યુરોપિયન સંસ્કૃતિ પ્રસરીને South America અને North Americaમાં સ્થિર થઈ. આજે આપણે હાંસિયામાં હડસેલાઈ ગયા અને આપણે જેના નિમિત્ત બનેલા તે અમેરિકા દેશ જગતનો 'દાદો' બની ગયો છે. કારણ શોધીએ તો ચિંતા કરતાં કરતાં ક્યાંય નીકળી જઈએ. અંદરોઅંદરના કુસંપથી શરૂ થઈ મુખ્ય કારણોમાંના એક એવા ભ્રષ્ટાચાર સુધી પહોંચી જવાય.

હમણાં મારા એક મિત્રને સમાચાર મળ્યા કે તેના વતનના ઘરની બારસાખ કડડભૂસ કરતી પડી ગઈ. મારો મિત્ર કહે છે કે મહિના પહેલાં જ એ ગામ ગયેલો ત્યારે બધું બરાબર હતું. બારણાં મજબૂત હતાં. રંગરોગાન કરાવીને આવેલો, તો આમ અચાનક શું થયું? શું કોઈએ ભાંગફોડ કરી? તપાસ કરતાં ખબર પડી કે લાકડાંની બારસાખને ઊધઈ લાગી ગઈ હતી. બહારથી ખબર ન પડે, પણ અંદરથી પોલાણ થતું જાય, સડતું જાય. તેની મર્યાદા આવી જતાં એક દિવસ કાળ ચોઘડિયામાં કડડભૂસ! આપણા દેશને ભ્રષ્ટાચારરૂપી ઊધઈ લાગી ગઈ છે. ઉપરના બધા વાક્ય આ અવસ્થાને લાગુ પડે છે. એટલે જ દેશના બધા સમજુ નાગરિકો મારી જેમ ચિંતિત છે. એટલે જ બહુધા નાગરિકોએ, ખાસ કરીને યુવાનોએ અણ્ણા હઝારેજીની ભ્રષ્ટાચારનાબૂદીની ચળવળને વિશ્વનીય ટેકો આપ્યો છે. આ ચળવળ મહદ્ અંશે પ્રાથમિક સ્ટેજમાં સફળ થઈ કહેવાય, પણ મેં પહેલાં કહેલું તેમ હંમેશ માટે સફળ માણસોની આજુબાજુ લાભ લેવા પડખિયા ગોઠવાઈ જાય છે જેમને કોઈ ફળદ્રુપ આદર્શ હોતા નથી.

આજે અણ્ણાજીના સેવકોમાંથી કેજરીવાલ અને કિરણ બેદી ચર્ચાની એરણ પર છે, પણ આવું તો બનવાનું જ. મહાન માણસોનાં ડગ કોઈ દિવસ રાજમાર્ગ પર પડતાં જ નથી. તેઓ ખાડાટેકરાવાળી કાંટામય કેડીઓ પરથી જ ચાલે છે અને તેને સુશોભિત કરે છે. હજી આપણે તેની લડત માટે આશાવાદી છીએ. ચાલો, આપણે તેમને દિલથી ટેકો આપીએ. ભ્રષ્ટાચાર આપણી રગેરગમાં એવો વ્યાપી ગયો છે કે તેના વિના કદાચ આપણને નિરાંતની ઊંઘ નથી આવતી, કારણ 'પૈસો મારો પરમેશ્વર' આપણો જીવનમંત્ર બની ગયો છે. તેનાથી છુટકારો થાય તો જ મંદિરમાં બીજા ભગવાન પધારે. આનો ઉકેલ ક્યાંય દૂર સુધી દેખાતો નથી. ઊલટાનું આપણા આ લેટેસ્ટ સંસ્કાર (!)ને આપણે દૂર દેશો સુધી લઈ ગયા છીએ.

અમેરિકામાં ભારતીય મૂળ વંશના શાહજાદાઓએ જે પરાક્રમો કર્યાં છે તે માટે અમેરિકા તો તેમને સજા કરશે જ, પણ આપણામાં હીર જળવાઈ રહ્યું હોય તો આવા દેશનું નામ રોશન (!) કરનારા મહાન (!) માણસોને ભારતની ધરતી પર પગ મૂકવાની મનાઈ કરવી જોઈએ.

આ સમયે મને બ્રિટિશ તાજને વફાદાર રોબર્ટ ક્લાઈવ અને વોરેન હેસ્ટિંગ્ઝની દેશદાઝ યાદ આવે છે, પણ આપણે હજી આશાવાદી જ છીએ. આજે અમેરિકા કે યુરોપ ભલે ગમે તેટલા આગળ વધી ગયા હોય, પણ ભારત અને ચીનનું નામ પડે ને સહેજ ધ્રુજારી આવી જાય છે. Let us cheer up! ભ્રષ્ટાચારીના ઉકેલની શોધમાં મને અનાયાસે અચાનક એક ઉકેલ તરફ નજર ગઈ.

તાજેતરમાં મેં એક નાટક જોયું – 'સંસારની સેમી ફાઈનલ'. તેમાં ભ્રષ્ટાચાર તરફ ગતિ કરતા પતિદેવનો કાન પકડીને તેની સંસ્કારી પત્ની સારા રસ્તે ચડાવે છે. તે પતિદેવની બે નંબરની અનીતિમય કાળી કમાણીનો વિરોધ કરે છે એટલું જ નહીં, પણ બહિષ્કાર પણ કરે છે અને નીતિમય શાંતિપૂર્ણ જિંદગીની માગણી કરે છે અને તે માટે જંગ પણ આદરે છે. એટલું તો કહેવું પડશે જ કે ભારતમાં હજી નીતિ, પ્રામાણિકતા, સંસ્કારિતાનો સમન્વય આપણી આર્ય નારીની સંસ્કારિતામાં જીવે છે. ધર્મસ્થાનકો-મંદિર, દેરાસર, ગુરુદ્વારા કે મસ્જિદોમાં મહિલાઓ ધર્મની સૌથી નજીક છે. તેઓ જ આપણી ભવ્ય સંસ્કૃતિની માત્ર ઉપાસક નહીં, સંરક્ષક પણ છે. તમે માથે ઓઢીને દેરાસરમાં, મંદિરમાં, ગુરુદ્વારોમાં ભગવાનને ભજતી મહિલાઓની ભક્તિને કે વટસાવિત્રીના દિવસે પતિ માટે કલ્યાણ ઈચ્છતી સાવિત્રીઓને જોઈ છે? તેઓ પાસે પુરુષોને નમાવવાની અદ્ભુત તાકાત છે. આ આર્ય નારીઓને જો આપણે પાપ-પુણ્યનાં સમીકરણો અને પૂર્વભવ-આવતા ભવની વાત સમજાવી શકીએ તો જરૂરથી ભ્રષ્ટાચાર આદરતા અનીતિમય પુરુષોને તેઓ નાથી શકશે. તેમને 'પૈસા'ની અસમર્થતા ગળે ઊતરે તો તેઓનો અસહકાર જબરજસ્ત ક્રાંતિ આણી

શકે અને આર્ય નારીઓને કુશળતાથી સમજાવી શકે ધર્મગુરુઓ! પણ જો ધર્મગુરુઓ જ ભ્રષ્ટ બની ગયા હોય તો?

માના તુફાં કે આગે નહીં ચલતા જોર કિસી કા
મૌજોં કા દોષ નહીં હૈ, યે દોષ ઓર કીસી કા
મઝધાર મેં નૈયા ડોલે તો માઝી પાર લગાયે
માઝી જો નાવ ડુબોએ ઉસે કૌન બચાયે
ચિંગારી કોઈ ભડકે ઉસે કૌન બુઝાયે...

પણ જે થાય તે સારું જ થાય. આશાવાદી બનીએ? Be Positive–હકારાત્મક બનવાથી તેનો ORA Positive પ્રસરે છે જે finally આપણને મનની શાંતિ તરફ લઈ જાય છે.

આ લખી રહ્યો છું ત્યારે આશાસ્પદ સમાચાર વાંચી મારા મુખ પર એક મર્માળુ હાસ્ય આવી ગયું. મને એકલો એકલો હસતો જોઈ છેલ્લાં ચાર વર્ષથી જેજસીની પ્રથમ મહિલા (First Lady)નું સ્થાન શોભાવી મને કાયમ માટે કાર્યરત રહેવા માટે પ્રેરણા આપતી મારી પ્રિય સહધર્મચારિણી વર્ષાએ કારણ પૂછયું. મેં સમજાવ્યું કે, ''ભારતમાં ન્યાયપદ્ધતિ હજી જીવંત છે. મોજૂદ છે. નિર્વિવાદ છે. આખરે ૧૫ વર્ષે પણ આપણા ભૂતપૂર્વ લોકનેતા, લોકસેવક, દેશદાઝ ધરાવતા દેશના સપૂત એવા સુખરામજીને તેમણે આપેલી સેવા બદલ પાંચ વર્ષ માટે Luxurious આવાસમાં ૮૫ વર્ષે પણ મોકલી આપ્યા છે. તે જોઈને બિચારા રાજાઓ, કનિમોઝીઓ કે ચિદમ્બરોનાં પેટમાં કેવા પ્રકારનું તેલ રેડાયું હશે!

હું હસી પડયો એટલા માટે કે મને પેલું શોલેનું હિટ વાક્ય યાદ આવી ગયું, 'કાલિયા અબ તેરા કયા હોગા'. ત્રણ લાખ માટે જો પાંચ વર્ષ તો ગણિતની ત્રિરાશી આવડતી હોય તો ગણી લો – ૨૦૦ કરોડ માટે કેટલાં વર્ષ અને આવતી કેટલી જિંદગી!!!'', બહુ ચિંતા ન કરો' એટલું બોલી વર્ષા ત્યાંથી ખસી ગઈ.

વિચારતો વિચારતો મારા ફ્લૅટની ઉત્તર દિશાની બારીએ ઊભો હતો ને નીચે નજર ગઈ તો મારી સામે જ થોડે દૂર રહેલા અમિતાભ બચ્ચન તેમની સફેદ કલરની AUDI ગાડીમાં નીકળ્યા. તેઓ કદાચ તેમના વહાલના દરિયામાં છબછબિયા કરવા જતા હશે કે સમગ્ર દેશનું ધ્યાન દોરનાર KBCના શૂટિંગમાં જતા હશે! આ માણસે મહાત્મા ગાંધી પછી કરોડો લોકોના દિલમાં સ્થાન જમાવી દીધું છે. લાખો લોકોના પ્રેરણાપાત્ર બની ગયા છે.

તમે બધા KBC માણતા જ હશો. હું તો એ સમયે મારી Factoryમાં હોઉં છું છતાં આ કાર્યક્રમ જોવાનું ચૂકતો નથી! આ કાર્યક્રમ ખરેખર આપણને એક તાકાત પૂરી પાડે છે. મને ગર્વ અને આનંદ બન્ને છે કે આવા મહાન માણસનો હું પડોશી છું. ચોક્કસપણે તેના Positive Ora મને સ્પર્શતા જ હશે. Thank God !

મારા મિત્રો, સમય નજીક આવી રહ્યો છે. તમે બધાએ સેન્ટ્રલ બોર્ડના આદેશ પ્રમાણે તમારા સેન્ટરના હોદ્દેદારોની ચૂંટણી કરી લીધી હશે. વર્ષ ૨૦૧૨–'૧૩ની કમિટીની રચના કરી લીધી હશે. દરેક સેન્ટરના Renuvalમાં આ વખતે ઘસારો છે તે જેજેસીની લોકપ્રિયતા અને વિશ્વનીયતાનો આંક બતાવે છે. લગભગ દરેક સેંટરો ખાસ કરીને મુંબઈ, અમદાવાદ, વડોદરા, કોલકાતા, રાજકોટ, ભાવનગર, જામનગર Full થઈ ગયાં છે એવા સમાચાર સાંભળી અમારા ઉત્સાહનો પાર નથી. દરેક સભ્યોનો આભાર – આભાર – આભાર. તમારા સમાચાર જલદીથી સેન્ટ્રલ બોર્ડની ઑફિસમાં મોકલી આપશો. સાથે સાથે કાઉન્સિલ તથા કૅબિનેટ સભ્યોનાં નામ પણ મોકલી આપજો, કારણકે સેન્ટ્રલ બોર્ડના હોદ્દેદારોની ચૂંટણી પણ ડિસેમ્બરના છેલ્લા અઠવાડિયામાં છે. આપણી પરંપરા સચવાઈ જ રહેશે. Good Luck.

એક ખાસ ઉલ્લેખ કરવાનો. તા. ૧૩ નવેમ્બરે ભુજ ખાતે એક ઉત્સવ ઊજવાઈ ગયો. ભુજના પાદરે, મેઈન–રિંગ રોડ ઉપર સ્થાનકવાસી જૈન વાડીનું ભવ્ય નિર્માણ થયું તેમાં આપણા સેન્ટ્રલ બોર્ડના વાઈસ ચૅરમૅન શ્રી રમેશ મોરબિયાનાં માતુશ્રી મંજુલાબહેન જેઠાભાઈ ખેંગાર પરિવારે મુખ્ય યોગદાન આપ્યું. મોરબિયા પરિવારને આ તબક્કે હું અભિનંદન આપું છું. આ થકી તેમણે જેજેસીને ગૌરવ બક્ષ્યું છે. આભાર! નાદુરસ્ત તબિયતને લઈને હું ઉદ્ઘાટન પ્રસંગે જઈ શક્યો ન હતો, પણ આપણા સેન્ટ્રલ બોર્ડના ઘણા પદાધિકારીઓએ હાજરી આપી હતી અને કચ્છનાં બધાં સેન્ટરોના બધા જ પદાધિકારીઓએ ઉમંગભેર આ પ્રસંગમાં ભાગ લીધો હતો. સેન્ટ્રલ બોર્ડ આયોજિત સમૂહલગ્ન તા. ૧૬ ડિસેમ્બરના રોજ નિરધાર્યાં છે.

આ વખતે સર્વે દાતા જેજેસી–ગોલ્ડન ગારોડિયાના છે. ગોલ્ડન ગારોડિયાના સર્વે હોદ્દેદારો, દાતાઓ અને સભ્યોને અભિનંદન આપું છું.

તો પછી નવી તાજગી સાથે આવતા મહિને મળીશું. ત્યાં સુધી Good By, જય જિનેન્દ્ર, TAKE CARE...

*લિ. જિતેન્દ્ર કોઠારી*
*ચૅરમૅન: જે.જે.સી. – સેન્ટ્રલ બોર્ડ*

# મનોરંજનની અટારીએથી

| જે.જે.સી. | | તારીખ | કાર્યક્રમ | |
|---|---|---|---|---|
| • અમૃતનગર | : | ૦૯-૧૦-૧૧ | દાંડીયા રાસ : 'ફાલ્ગુની પાઠકના સંગાથે' | ✉ |
| | | ૧૪-૧૦-૧૧ | નાટક : 'સમયની સંતાકૂકડી' | ✉ |
| • બોરીવલી | : | ૧૭-૧૦-૧૧ | નાટક : 'ડિયર ફાધર' | ★ |
| • ભાંડુપ-વિક્રોલી | : | ૨૯-૧૦-૧૧ | નાટક : 'સમયની સંતાકૂકડી' | ✉ |
| • દાદર | : | ૧૦-૧૦-૧૧ | નાટક : 'એક સાંવરિયો બીજો બાવરિયો' | ✉ |
| | | ૩૧-૧૦-૧૧ | મૂવી : 'Ra — One' | ✉ |
| • ગોલ્ડન ગારોડિયા | : | ૧૭-૧૦-૧૧ | નાટક : 'જિંદગીનું X Factor' | ★ |
| • જુહુ | : | ૧૯-૧૦-૧૧ | નાટક : 'ડિયર ફાધર' | ★ |
| | | ૩૦-૧૦-૧૧ | નાટક : 'સમયની સંતાકૂકડી' | ▲ |
| • જુહુ બીચ | : | ૩૧-૧૦-૧૧ | નાટક : 'ડિયર ફાધર' | ✉ |
| • કર્ણાવતી | : | ૧૩-૧૦-૧૧ | મૂવી : 'રાસ્કલ' | ✉ |
| • લે. વિં. સેન્ટ્રલ મુંબઈ | : | ૧૪-૧૦-૧૧ | | ✉ |
| • મુંબઈ | : | ૨૨-૧૦-૧૧ | ઓરકેસ્ટ્રા : 'આવાઝ એક અંદાજ અનેક' | ★ |
| • નવી મુંબઈ | : | ૧૦-૧૦-૧૧ | નાટક : 'મિસિસને માથે બેસાડીને રાખો' | ✉ |
| • નોર્થ ઈસ્ટ | : | ૧૦-૧૦-૧૧ | નાટક : 'ડિયર ફાધર' | ✉ |
| | | ૧૨-૧૦-૧૧ | મૂવી : 'રાસ્કલ' | ✉ |
| • પનવેલ | : | ૧૧-૧૦-૧૧ | નાટક : 'જિંદગીનું X Factor' | ✉ |
| • રાજાવાડી | : | ૧૦-૧૦-૧૧ | મૂવી : 'રાસ્કલ' | ✉ |
| • સાયન-માટુંગા | : | ૦૨-૧૦-૧૧ | નાટક : 'મિસિસને માથે બેસાડીને રાખો' | ✉ |
| | | ૨૧-૧૦-૧૧ | નાટક : 'એક સાંવરિયો બીજો બાવરિયો' | ✉ |
| • શિવાજી પાર્ક | : | ૦૩-૧૦-૧૧ | ગઝલ : 'મનહર ઉધાસ નાઈટ' | ✉ |
| • વાપી | : | ૦૮-૧૦-૧૧ | નાટક : 'God Bless You' | ✉ |
| | | ૧૦-૧૦-૧૧ | નાટક : 'જિંદગીનું X Factor' | ✉ |
| • વાશી | : | ૦૪-૧૦-૧૧ | નાટક : 'સમયની સંતાકૂકડી' | ✉ |
| | | ૧૮-૧૦-૧૧ | નાટક : 'ડિયર ફાધર' | ✉ |

સંજ્ઞા : કાર્યક્રમ – જમણ સાથે ★ જમણ વિના (ડ્રાય) ✉ સ્નેક્સ ▲

## વાર્ષિક સામાન્ય સભા (AGM)

| | | |
|---|---|---|
| જેજેસી દાદર | તા. ૧૦-૧૦-૨૦૧૧ | યશવંતરાય નાટ્યગૃહ ખાતે |

# જેજેસીની આજકાલ

## જેજેસી - પાટણ

ગત ચાતુર્માસ દરમિયાન કરેલ તપના ૩૫ જેટલા તપસ્વીનું સેન્ટર દ્વારા બહુમાન રવિવાર, તા. ૧૮-૯-૨૦૧૧ના રોજ કરવામાં આવ્યું.

ઉપરાંત શુક્રવાર, ૨-૧૦-૨૦૧૧ના રોજ નવરાત્રિની ઉજવણી નિમિત્તે આયોજિત એક કાર્યક્રમમાં ટ્રેડિશનલ દાંડિયારાસ હરીફાઈ, ડ્રેસ હરીફાઈ, નાનાં બાળકોની ડ્રેસ હરીફાઈ વગેરે ઉપરાંત સહભોજન રાખેલ. સૌએ ઉત્સાહભેર ભાગ લીધેલ અને આનંદ માણેલ.

## જેજેસી - પોરબંદર

સેન્ટરનાં સભ્ય શ્રીમતી કુમુદબહેન તથા ભારતીબહેન શાહના સૌજન્યથી શ્રી શ્વેતાંબર મૂર્તિપૂજક જૈન સંઘનું સ્વામીવાત્સલ્યનું આયોજન કરવામાં આવેલ જેમાં સેન્ટરના સૌ સભ્યોને આમંત્રણ આપવામાં આવેલ.

## જેજેસી - મલાડ

વર્ષમાં પૂનમની રાત તો ૧૨ વખત આવે છે, પણ તેમાં સૌથી વધારે મહત્ત્વ શરદપૂર્ણિમાની રાતનું છે. તે રાત્રિએ ચંદ્ર પૂર્ણ કળાએ ખીલે છે. જે બાધારૂપી વાદળાં તોફાની છોકરાઓની જેમ વચ્ચે ન આવે તો મનનો મોરલો નાચી ઊઠે છે. જેજેસી-મલાડે તે રાત્રિએ તેના સભ્યો માટે કિશોર મનરાજાના સંગાથે એક અલબેલો કાર્યક્રમ ગોઠવ્યો. શ્રેષ્ઠ વેશભૂષા અને શ્રેષ્ઠ ખેલૈયાની સ્પર્ધામાં થોકબંધ ઈનામો આપવામાં આવ્યાં. ઉપરાંત આરતી શૃંગાર સ્પર્ધા પણ રાખવામાં આવી.

## જેજેસી - કાંદિવલી

ભારતીય સંસ્કૃતિની પરંપરા એટલે પર્વો-મહાપર્વોનું બારમાસી ઉપવન. પ્રતિમાસ ઋતુ-ઋતુના પાવનં પર્વ-પુષ્પો ખીલે અને તેની મીઠી મહેકથી મઘમઘતુ રહે માનવમન, જાણે લહેરાતું મધુવન, તેમાંય ઘરઘર દીપમાળા પ્રગટાવતી પર્વોની પટરાણી 'દીપાવલી' નિશાન ડંકા બજાવતી પધારે ત્યારે તેના સ્વાગતાર્થે સેન્ટરે તેના સભ્યો માટે સહ-સંગતમાં માણવાલાયક એક કાર્યક્રમનું આયોજન કર્યું.

તા. ૨૩-૧૦-૨૦૧૧ ને રવિવારના રોજ ચૌવિહારની સુવિધા સાથેના આ કાર્યક્રમમાં મ્યુઝિકલ વેરાયટી હાઉઝી, મિમિક્રી તથા ક્વીઝના કાર્યક્રમ ઉપરાંત ગરબા, ભાંગડા તથા સાઉથ ઇન્ડિયન પોપ સંગીત પીરસવામાં આવ્યું. સભ્યો ખુશખુશાલ તો સંજયભાઈની ટીમ પણ ખુશખુશાલ!

## જેજેસી - બોરીવલી

સેન્ટર દ્વારા મહાવીરસ્વામી નિવાર્ણોત્સવ દિવાળી પર્વ નિમિત્તે ગૌતમસ્વામીનું કેવળજ્ઞાન કલ્યાણક અલૌકિક રીતે ઊજવ્યો. આ અવસરે સેન્ટરના સભ્યોએ શું માણ્યું? શું નિહાળ્યું? અદ્વિતીય અવસરની અણમોલ ઝાંખી :

- આબેહૂબ પાવાપુરી તીર્થનાં જલમંદિરની રચના તથા પ્રભુનાં પગલાં, જ્યાં પ્રભુ નિર્વાણ પામ્યા હતા...
- હજારો દીવડાઓની દીપમાળાના ઝગારા સાથે પ્રભુ વીરની આરતી-મંગળદીવો...
- પ્રભુ મહાવીરનાં ચ્યવન, જન્મ, દીક્ષા, કેવળજ્ઞાન તથા નિર્વાણ કલ્યાણકની આછેરી ઝાંખી... ઝલક... સંવેદના...
- સુગંધીદાર રંગબેરંગી ફૂલોનો શણગાર
- ૧૧.૪૫ કલાકે પ્રભુ વીરની ધૂન... નાદ... તં દેવ દેવ મહીઅં... સિરસા વંદે મહાવીરમ્
- રાત્રિના ૧૨ કલાકે દીવડાની જ્યોત અને ભાવિક વર્ગની ઉપસ્થિતિ સાથે દીપાવલી... દિવાળીની ભવ્ય ઉજવણી...
- ઘંટનાદ, શંખનાદ, જયનાદ વચ્ચે પ્રભુનો જન્મોત્સવ નિર્વાણોત્સવ...
- પ્રભુ મહાવીરના નિર્વાણોત્સવના લાડવા ચડાવવાની રસમ...
- પ્રભુ મહાવીરના જીવનચરિત્રને અનુસંધાનમાં લઈ... ત્રિશલામાતાએ નિહાળેલાં ચૌદ સ્વપ્નદર્શન, પ્રભુનો લગ્નોત્સવ, પ્રભુની દીક્ષા, પ્રભુને થયેલા ઉપસર્ગો પ્રભુએ પમાડેલા પ્રતિબોધ, પ્રભુનું કેવળજ્ઞાન, કલ્યાણક અને પ્રભુની સમવસરણમાં દેશના અને પ્રભુનું નિર્વાણ કલ્યાણક જેવા પ્રસંગોની સુંદર ઝાંખી...
- ગૌતમસ્વામીનો વિલાપ... ગૌતમસ્વામીનું કેવળજ્ઞાન... નૂતનવર્ષનાં વધામણાં...
- પધારેલા દરેક ભાવિકજનને સુંદર પ્રભાવના...
- પ્રગટેલા દીવડાઓની જલમંદિરમાં પધરામણી... સામૂહિક દીવડાની આરતી-મંગળદીવો...
- બરાબર રાત્રિના ૧૨ કલાકે ઝગમગાટ ચક્ર દ્વારા પ્રભુના નિર્વાણ કલ્યાણકનું અદ્ભુત દર્શન
- ભાવવિભોર ભક્તિ તથા કલરવ કંઠના સથવારે સરસ્વતી સ્વરઉપાસક 'જૈનરત્ન' શ્રી નિમેષ શાહ અને સાથી

કલાકારો દ્વારા પ્રભુ મહાવીરસ્વામીના નિર્વાણોત્સવની સંગીતસભર સ્વરભક્તિયાત્રા

- દેવવિમાન જેવા દિવ્ય વાતાવરણમાં ભવ્યાતિભવ્ય આંગી રચેલા મહાવીરસ્વામી ભગવાનનાં દિવ્ય દર્શનના દીદાર...
- કુમારપાળ મહારાજા-મહારાણી બનીને તેમના તથા ઉપસ્થિત તમામ આત્માઓ દ્વારા ભવ્યાતિભવ્ય આરતી-મંગળદીવો...
- રજવાડી ઠાઠમાં રાજા-રાણી, ઇન્દ્ર-ઇન્દ્રાણીને શોભે તેવા વસ્ત્રપરિધાન અલંકારમાં સુસજ્જ એવા જૈન જાગૃતિ-જૈન સોશિયલ ગ્રુપના તમામ સભ્યો...
- પ્રસંગોચિત્ સોના-રૂપા-હીરા-મોતી અક્ષત દ્વારા પ્રભુનાં મંગલ વધામણા તથા રંગબેરંગી સુગંધી પુષ્પોની વૃષ્ટિ...
- સોના-રૂપા તથા રત્નના ત્રણ ગઢમાં આરૂઢ થયેલા સમવસરણના અદ્ભુત રચનામાં કલ્પવૃક્ષ તળે બિરાજમાન પ્રભુ મહાવીરની મંગલ દેશના...
- પ્રભુની ભાવમાતા બનીને પ્રભુને પારણામાં ઝુલાવવાનો અણમોલ લહાવો...
- તું મને ભગવન એક વરદાન આપી દે... દ્વારા પ્રભુ સાથેની અદ્ભુત સંવેદના...
- ગૌતમસ્વામીજી, લક્ષ્મીદેવી, સરસ્વતીદેવી આદિનું વાસક્ષેપ તથા અક્ષત દ્વારા પૂજન તથા પુષ્પવૃષ્ટિ... તથા ઘણું નવલું નજરાણું...

## જેજેસી - જૂનાગઢ

વરસાદની મજા એ છે કે એ પડે ત્યારે બધું એકરસ થઈ જાય છે. વરસાદનાં વધામણાંનાં આપણી પાસે અસંખ્ય ગીતો-નિબંધો છે તો આપણે આ દિલોજાન સખા ફેમિલી મેમ્બરસમા વરસાદને વહાલથી વિદાય આપતી કૃતિ કેમ નહિ, એના ગાલ પર થપથપાવીને હસતાં હસતાં અગલે બરસ તું જલદી આ કહીને આભાર માનવાનું ટાણું છે. થોડાક છાંટા આંખોમાં આંજીને ચપટીક સ્મિત ચહેરા પર માંજીને મેહુલિયાને સી-ઑફ કરીએ અને એની સાથે વિતાવેલો સમય એ આપણા માટે લઈ આવેલો એ ગિફ્ટસ યાદ કરીને વરસાદમાં છબછબિયાં કરતું ભૂતકું બનીને વેદના-સંવેદના થકી આપણને નવડાવવા બદલ ફ્લાઈંગ કિસ આપીએ, યાદ છે ને જબ અપના કોઈ મુરઝાતા હૈ ઉમ્મીદ સુખતી હૈ તો મેં આતા હું બારિશકર અને સાવરે કહીયા પછી આપણે કર્ટસી ચૂક્યા નથી માટે વરસાદ આવજો વહાલા ફરી મળીશું.

મા અંબાની ભક્તિ થકી શક્તિ મેળવવાનો આ રાજમાર્ગ છે. નૃત્ય અને ગરબામાં લીન થઈને ક્ષણિક તો ક્ષણિક સમાધિ મળી જાય છે. ગરબાની રમઝટ અને ખૈલેયાઓની ઊર્જાની વિસ્ફોટની ક્ષણ એટલે શરદપૂર્ણિમાના દિવસે ગરબાની રમઝટ માણવી જોઈએ. હવે તો નવરાત્રિ એક હાઈફાઈ હાઈ-ટેક સુપર ઝિગ્મો ઈન્ટરનેશનલ મેગા એન્ટરટેઈન્મેન્ટ બની ગઈ છે. મન મૂકીને નાચવાની સહેલી છે, મોડી રાત્રિ સુધી ઝૂમવાની દુનિયા છે.

અમુક ગરબા તો એટલા પ્રચલિત છે કે એની એક કડી પણ આપણે સાંભળીએ તો ૬થી ૬૬ સુધીના વયના લોકોનાં મન તથા પગ થીરકવા લાગે છે, જેમકે હો પૂનમની પ્યારી પ્યારી રાત, હું તો ઇંધણા વીણવા ગઈ'તી, નાગર ઊભા રહો રંગરસિયા ચાંદો ઊગ્યો ચોકમાં, એ તો લાલ દરવાજે તંબુ તોળિયા રે, કેસરિયો રંગ મને લાગ્યો, મારે ટોડલે બેઠો મોર, ચરર ચરર ચકડોળ મારું ચાલે, આવા ગરબાની તાલે મન લય અને સૂરથી પગ થીરકવા જ લાગે છે.

એકદિવસીય પિકનિકનું આયોજન તા. ૨૫-૧૦-૨૦૧૧ ને શનિવારે દેવવાડી, ઉપરકોટ રોડ, જૂનાગઢ ખાતે કરવામાં આવ્યું હતું. અલગ અલગ સ્પર્ધાઓ થકી સભ્યો માટે જાણે ઈનામોની વણઝાર.

*(રિપોર્ટ : રાજુ ચાંગાણી-જયેશ અવલાણી)*

## જેજેસી - લે. વિં. માંડવી



રવિવાર, તા. ૨૫-૯-૨૦૧૧ના રોજ સેન્ટરનો ચાર્ટર દીન (બર્થ-ડે) ઉજવણીના ભાગરૂપે સમસ્ત માંડવીની જનતા માટે 'કરણ અંતાક્ષરી ગૅમ શૉ'નું આયોજન કરવામાં આવ્યું. ૨૫ x ૨ જેટલા સ્પર્ધકોએ ભાગ લીધો. પ્રસંગને શોભાવતા જેજેસી-મુન્દ્રાના શ્રી ભૂપેન્દ્ર મહેતા તથા અન્ય V.I.P.એ હાજરી આપી. આ કાર્યક્રમમાં પ્રમુખ શ્રીમતી પ્રતિભા શાહે જેજેસીના એજ્યુકેશન અભિયાન વિશે માહિતી આપેલ.

*(રિપોર્ટ : શ્રીમતી ભારતી સંઘવી)*

## જેજેસી - જામનગર

રવિવાર, તા. ૨૫-૯-૨૦૧૧ના રોજ કુદરતી હરિયાળીના સાન્નિધ્યમાં વાંકાનેર પાસે આવેલ વસંત વિહાર ક્લબ રિસોર્ટ ખાતે એકદિવસીય પિકનિકનું આયોજન કરવામાં આવ્યું. આ કાર્યક્રમમાં તપસ્વીનું બહુમાન, તેજસ્વી તારલાઓનું સન્માન, ગૅમ શો, તંબોલા તથા નવા સભ્યોની ઓળખ વિધિ અને પિકનિક એટલે ખાવું-પીવું અને ધમાચકડી સિદ્ધ કરી પરત આવ્યા. *રિપોર્ટ : શ્રી શૈલેશ શેઠ*

## જેજેસી - કોઈમ્બતુર

રવિવાર, તા. ૨-૧૦-૨૦૧૧ના રોજ સેન્ટરના સૌ સભ્યો ઈચનારી હનુમાનજીના મંદિરે પિકનિક અર્થે ગયા. શ્રી પ્રવીણ દોશી તથા શ્રીમતી નલિની મહેતા દ્વારા તપસ્વીનું બહુમાન કરવામાં આવ્યું. ત્યાર બાદ ૧૬ ટીમ બનાવી શ્રી જતીન મહેતા અને ભાવિન મહેતાએ ધાર્મિક ક્વીઝ રમાડી. આટલે દૂર બેઠા બેઠા ધાર્મિક અભ્યાસ સૌ સભ્યો નિષ્ઠાપૂર્વક કરી રહ્યા છે તે સાબિત કરતા સૌ સભ્યોએ ઉત્સાહથી ભાગ લીધો. પિકનિકનો પર્યાયી અર્થ ખાધું-પીધું અને આનંદ કર્યો થાય છે તે સિદ્ધ કર્યું.

## જેજેસી - મહુવા

થોડો સમય સુષુપ્ત રહેલું આ સેંટર હમણાથી કાર્યરત થઈ ગયું છે અને સભ્યો માટે પિકનિક, જૈન સમાજ માટે ધાર્મિક અને સેવાકીય કાર્યક્રમો કરવા લાગ્યું છે.

**પિકનિક** : પ્રથમ પિકનિકના આયોજન હેઠળ સૌ સભ્યો માલણ ડેમ, માહાવા ડુંગર અને મહાકાલી મંદિર ગયા, જ્યાં ગૅમ, હાઉઝી તથા બાળકો માટેની રમતો માણી, સૌ વિહાર કરી પરત થયા.

વર્ષની દ્વિતીય પિકનિકના કાર્યક્રમમાં કેદાર ધોધની મુલાકાતે ગયા અને ત્યાં પિકનિકનો બીજો પર્યાય અર્થ ખાધું-પીધું ને ધીંગામસ્તી સિદ્ધ કરી ધોધમાં જલસા કર્યા.

પર્યુષણ મહાપર્વ દરમિયાન સૌ તપસ્વીનું બહુમાન કરી પ્રભાવના કરેલ.

મહુવા શહેરના સર્વે નાગરિકોના લાભાર્થે સેન્ટર દ્વારા એક બ્લડ ડોનેશન કૅમ્પનું આયોજન કરવામાં આવ્યું. દરેક રક્તદાતાઓને ભેટ, રૂા. ૫૦,૦૦૦નો ઍક્સિડન્ટ વીમો અને લેમિનેટેડ આઈ કાર્ડ આપવામાં આવ્યા. કુલ ૫૩ બોટલ રક્ત મેળવવામાં આવ્યું.

આ ઉપરાંત પાણીનાં કૂંડાંનું વિતરણ (ઉનાળા દરમિયાન), વિદ્યાર્થીઓને રાહત દરે નોટબુકનું વિતરણ વગેરે જેવાં સુંદર કાર્યો થકી પંથકમાં ભારે લોકચાહના મેળવી છે. આ સર્વે પ્રોજેક્ટમાં સર્વશ્રી પારસ પટણી, રાજેશ શાહ, નિલેશ દોશી, સચીન વોરા વગેરેએ સુંદર આયોજન કરેલ. સેન્ટરને ખૂબ ખૂબ અભિનંદન.

## જેજેસી - કર્ણાવતી

'રક્તદાન મહાદાન' : એક ઉચ્ચ કેળવણીપ્રાપ્ત, સંસ્કારી, ધાર્મિક મનોવૃત્તિવાળા, સદ્‌ભાવનાવાળા, માનવતાવાદી સજ્જનને એક દર્દીની જરૂરિયાત માટે લોહી આપવાનું કહેવામાં આવતાં તેમણે કહ્યું : બીજું ગમે કહો તે આપું, પણ લોહી તો હરગિસ નહીં. ન કર્યું નારાયણે અને કર્યું સતનારાયણે કે તેઓ જ ગંભીર માંદગીમાં પટકાયા. લોહી ચડાવવાની તાતી જરૂરિયાત ઊભી થઈ. લોહીની અછત. ઘણી દોડધામ બાદ લોહીની બોટલ પ્રાપ્ત થઈ. લોહી ચડાવવામાં આવ્યું અને ચમત્કાર થયો. જે વ્યક્તિ પોતાના શરીરમાંથી એક ટીપું લોહી આપવાની ના કહેતી હતી તે હવે બ્લડ બૅંકના કાર્યકર બની લોકોને રક્તદાન કરવાની-કરાવવાની ઝુંબેશ ચલાવવા લાગી. તેને સમજાયું કે શેરીની ધૂળની પણ જરૂર પડે છે.

તા. ૨૩-૧૦-૨૦૧૧, રવિવારે જેજેસી-એલીસ બ્રિજની કમિટીએ શ્રી એલિસ બ્રિજ સ્થાનકવાસી જૈન સંઘના સહયોગમાં પ.પૂ. આચાર્ય શ્રી અરવિંદમુનિની ૫૦મી દીક્ષાજયંતી નિમિત્તે એક રક્તદાન શિબિરનું આયોજન કર્યું.

**''આવા વિરલા કો'ક''**

આપણા જૈન જાગૃતિ સેન્ટર સેન્ટ્રલ બોર્ડના ચૅરમૅન શ્રી જિતેન્દ્ર કોઠારીએ અત્યાર સુધીમાં ૧૪૦ વાર રક્તદાન કર્યું છે. કર્ણાવતી સેન્ટરના ખજાનચી શ્રી યોગેશ મહેતાએ ૮૦ વાર રક્તદાન કરેલ છે અને ૧૧૧ વાર રક્તદાન કરવાની તમન્ના ધરાવે છે. કર્ણાવતી સેન્ટરના માનદ્ મંત્રી શ્રી પંકજભાઈ બાવીશીએ ૨૫ વાર રક્તદાન કરેલ છે.

*(રિપોર્ટ : શ્રી બિપીનભાઈ એમ. શાહ)*

## તપસ્વીઓને અભિનંદન

જેજેસી-ઉપલેટાનાં શ્રીમતી ઉષાબહેન ચીમનલાલ શાહ તથા જેજેસી-ગોલ્ડન ગારોડિયાનાં શ્રીમતી ભારતીબહેન ડેલીવાલાએ માસખમણની અનુમોદનીય તપશ્ચર્યા કરેલ એ બદલ તેમનું અભિવાદન કરતાં સેન્ટ્રલ બોર્ડ હર્ષ અનુભવે છે.

# એ... સાદ સાંભળજો રે...

**જેજેસી પરિવારના દરેક સેન્ટરના કમિટી સભ્યો તથા સામાન્ય સભ્યો, સાંભળજો...**

**જૈન જાગૃતિ સેન્ટર-સેન્ટ્રલ બોર્ડ જૈન જાગૃતિ સેન્ટર-સેન્ટ્રલ બોર્ડ ચૅરિટેબલ ટ્રસ્ટ દ્વારા આયોજિત**
**જૈન સમાજના દરેક ફિરકાઓને આવરી લેતો**

## ૧૭મો સમૂહલગ્નોત્સવ

**શુક્રવાર, તા. ૧૬-૧૨-૨૦૧૧**

**સ્થળ :** પોલીસ પરેડ ગ્રાઉન્ડ નં. ૨, કુકરેજા પૅલેસની પાછળ, વલ્લભબાગ એક્ષટેન્શન, ઘાટકોપર (ઈસ્ટ), મુંબઈ — ૪૦૦ ૦૭૫.

**પ્રેરક દાતા** : શ્રીમતી નલિનીબહેન ધીરજલાલ રામજીભાઈ દેસાઈ પરિવાર
**ભોજનના દાતા** : શ્રીમતી લતાબહેન અનિલભાઈ ખીમચંદ ખંધાર પરિવાર
**સજાવટના દાતા** : જેજેસી-ગોલ્ડન ગારોડિયા

કુલ ૨૧ યુવક-યુવતીનાં લગ્ન કરાવવામાં આવશે. વહેલા તે પહેલાના ધોરણે Registration કરવાનું શરૂ થઈ ગયું છે. અત્યાર સુધીમાં ૧૧ નામ આવી ગયાં છે. વર અને કન્યા, બન્ને પક્ષના વડીલોએ રૂબરૂમાં સેન્ટ્રલ બોર્ડની ઑફિસમાં આવી જરૂરી ફૉર્મ ભરી મુકરર કરેલ ચાર્જ ભરવાનો રહેશે. ૨૧ નામ આવ્યાં બાદ કોઈ પણ હિસાબે બીજાં નામ લેવામાં આવશે નહીં. સંપર્કસૂત્ર : સચીન પવાર-૬૫૭૨૬૬૩૬ / ૬૬૯૭૩૦૩૮

**જેજેસી-સેન્ટ્રલ બોર્ડ આયોજિત આગામી છઠ્ઠી Inter Centre Cricket Tournament** તા. ૧૩-૧૪-૧૫, જન્યુઆરી, ૨૦૧૨ના દિવસોમાં રમાડવાનું મુકરર કરેલ છે. આ મૅચ Day-Night રમાવાની છે. World Cup કે IPLની પ્રતિકૃતિ સમાન નિયમોથી રમાડવામાં આવશે. બહુ જ ઉત્સાહ, ઉન્માદ, નિખાલસતા અને ખેલદિલીથી સ્પર્ધા રમાય છે.

સેન્ટ્રલ બોર્ડ ઈચ્છે છે કે જેજેસી પરિવારનાં બધાં જ સેન્ટરો (લેડીઝ વિંગ સહિત) આમાં જોડાય. બહારગામથી રમવા આવતી ટીમ માટે રહેવાની, જમવાની તથા ટ્રાન્સપોર્ટની બધી વ્યવસ્થા સેન્ટ્રલ બોર્ડ કરશે. જો કોઈ નાના સેન્ટરમાંથી ટીમ બનતી ન હોય તો બે-ત્રણ સેન્ટર મળીને ટીમ બનાવી શકશે. તે માટે અગાઉથી સેન્ટ્રલ બોર્ડની મંજૂરી લેવી આવશ્યક છે. ટુર્નામેન્ટને લગતા નિયમો પછીથી જણાવવામાં આવશે.

તો ક્રિકેટમાં ભાગ લેવા અત્યારથી જ તૈયારી શરૂ કરી દેશો એમ સેન્ટ્રલ બોર્ડ જણાવે છે.

## PRESS NOTE

જૈન જાગૃતિ સેન્ટર-કાંદિવલી દ્વારા તૃતીય યુવા સંમેલનનું આયોજન ગુરુવાર, તા. ૨૬-૧-૨૦૧૨ના રોજ કરવામાં આવ્યું છે. આ સંમેલન સેંટર સંચાલિત 'જૈન સગપણ માહિતી સેન્ટર'માં રજિસ્ટર થયેલાં ગ્રૅજ્યુએટ યુવક-યુવતી પુરતું મર્યાદિત છે. આ માહિતી સેન્ટરમાં સમગ્ર જૈન સમાજનાં લગ્નઇચ્છુક યુવક-યુવતીઓ તેમના નામ રજિસ્ટર કરાવી શકે છે. જેઓને આ સેન્ટરની મુલાકાત લેવી હોય તેવો નિમ્નલિખિત દિવસ, સમય અને સ્થર પર જઈ મુલાકાત લઈ શકે છે.

સ્થળ : ૯, સાંઈરાજ ગાર્ડન, હેમુ કલાની રોડ નં. ૩, ઈરાની વાડી, મોદી પાર્કની સામે, કાંદિવલી (પ). ફોન : ૨૮૬૬૦૧૬૯

સમય : દર ગુરુવારે સાંજે ૫.૦૦ થી ૭.૦૦ અને દર રવિવારે સાંજે ૪.૦૦ થી ૭.૦૦

# 'સફળ બનવા-સફળતા મેળવવા'

હેતુ વિનાનું જીવન અને કારણ વિના ઊગી નીકળેલા બાવળ વચ્ચે કોઈ તફાવત નથી. જીવનનો એક હેતુ હોવો જોઈએ. હેતુ હશે તો જીવન પ્રત્યે હેતુ રહેશે. હેતુ હશે તો જીવનની દિશા નિશ્ચિત રહેશે અને દિશા નિશ્ચિત હશે તો કાર્ય કરનાર વ્યક્તિ તંદુરસ્ત વિકાસ સાથે અનેકના માર્ગદર્શક-પથદર્શક બની ખુમારી સાથે કામ કરી અનેકને આગળ લાવી શકશે. જેજેસીમાં જોડાયેલા સર્વે સભ્યશ્રીઓ સારી ભાવનાથી સર્વ રીતે ઉપયોગી થાય છે.

આથી જ સફળતાનું રહસ્ય એ છે કે તમારા લક્ષ્યને હંમેશાં તમારી નજર સમક્ષ રાખજો. જ્યાં સુધી હાથ બાંધેલા રાખશો ત્યાં સુધી સફળતાની કશી જ આશા તમે કરશો નહીં. પોતાની જાત પર શ્રદ્ધા રાખવી અને પોતાની સમસ્ત શક્તિ સાથે કામે લાગી જવું. આથી સફળતા માટે ઘણાબધા જવાબદાર હશે, પણ નિષ્ફળતા માટે તો માત્ર ને માત્ર પોતે જ જવાબદાર છે.

"Success is never ending, Failure is never final."

આપણા જીવનના લક્ષ્યાંકો પ્રાપ્ત કરવા માટે કુદરતે આપણને બે શક્તિ આપેલ છે. શરીરની શક્તિ અને મનની શક્તિ. મનનો સ્વભાવ વિચિત્ર છે, જે છે તેની નોંધ રાખતું નથી અને જે નથી તેને મેળવવા મથે છે.

આપણે ફક્ત આપણા મનનો ૧૦% જ ઉપયોગ કરીએ તો ચોક્કસ સફળતા મળી શકે અને તે પુરુષાર્થ થકી જ ટકાવી શકાય છે. સેન્ટ્રલ બોડના સર્વે હોદ્દેદારો પાસેથી જાણી સફળતાનાં શિખરો સર કરી શકાય.

Comming together is begining
keeping together is progress
& working together is success.

આથી જ આત્મવિશ્વાસ સાથે ભેગા મળી કામ થાય એ જ વિકાસમાર્ગની મોટામાં મોટી જડીબુટ્ટી છે.

''આથી પંડિત સાથે મિત્રતા અને જ્ઞાતિ સાથે સંપ રાખનાર મનુષ્ય ખેદ પામતો નથી.'' – ચાણક્ય

"Everyone has potential
you just have to discover it".

■ *દિનેશ આર. વોરા*
*કમિટી મેમ્બર : જેજેસી – સુરેન્દ્રનગર*

---

# સફળ જીવનના નિયમો

■ બકુલ બક્ષી

ઘણા એવા લોકો હોય છે જે સફળ થવાની સાથે આદરને પાત્ર બને છે અને લોકપ્રિયતા પણ મેળવે છે. આવા લોકોમાં એવી શું ખાસ વાત છે કે દરેક ક્ષેત્રમાં એમને સફળતા મળે છે. 'ધ રુલ્સ ઑફ લાઈફ' પુસ્તકમાં લેખક રીચર્ડ ટેમ્પલારે સફળતા અપાવતા જીવનના નિયમોની છણાવટ કરી છે.

આ નિયમો કેવળ ધન એકઠું કરવા માટે નહીં, પરંતુ સારા જીવન માટે છે. ઉંમર સાથે ડહાપણ વધે તે જરૂરી નથી. ડહાપણ એમાં છે કે જૂની ભૂલોમાંથી કંઈક શીખીએ અને તે ફરી ન થાય તેની કાળજી રાખવી. જીવનને કોઈ એક ધ્યેય માટે સમર્પિત કરો અને ધ્યેય નક્કી કર્યા પછી એના વિશે કોઈ શંકાઓ ન રાખો. વિચારોની જડતા છોડી દો અને પરિસ્થિતિ પ્રમાણે વર્તનમાં ફેરફાર કરતા રહો. બીજાઓની પ્રગતિથી દુઃખી થઈ શકાય અથવા તેમાંથી પ્રેરણા લઈ શકાય-પસંદગી આપણી પોતાની છે. શ્રેષ્ઠ થવાની ઇચ્છા રાખો. એમાં સમજૂતી કરવા કરતાં હાર બહેતર છે.

પોતાના પર વિશ્વાસ રાખો. તમારે કોઈને પુરાવો આપવાની જરૂર નથી. શિસ્તબદ્ધ યોજના નહીં ઘડો તો એ ઇચ્છા કેવળ સ્વપ્ન રહી જશે. પરિચિત વાતાવરણથી બહાર નીકળશો તો આત્મવિશ્વાસ વધશે. તમારી વર્તણૂક શ્રેષ્ઠ રાખો. નકામી વસ્તુઓ ભેગી કરવાથી ખરા સમયે કામની વસ્તુઓ જડતી નથી. ચિંતા કે તનાવ દૂર કરવા માટે કોઈ એવો શોખ રાખો જેમાં બધું ભૂલી શકાય. પોતાના સમયને વળગી રહેવા કરતાં જે નવું બને છે તેને અપનાવવાની વૃત્તિ કેળવશો તો યુવાન રહેશો. જો કોઈના વિશે સારું ન બોલી શકાય તો ચૂપ રહેવું વધારે યોગ્ય છે.

સફળતા માટે સારા સંબંધો જરૂરી છે. કોઈ પણ સંબંધમાં વિચારભેદ સ્વીકારવો પડે છે. જેમાં સંમતિ છે તેના પર ધ્યાન આપો. પોતાની ભૂલ હોય તો એને સ્વીકારવામાં સંકોચ ન કરો. આપણે અપરિચિતો સાથે જેવો સારો વ્યવહાર કરતા હોઈએ છીએ તેવો સહયોગીઓ સાથે પણ કરતા રહો. તમને જોઈને કોઈ ખુશ થાય તેવી વ્યક્તિ જીવનમાં જરૂરી છે.

જીવનનો ખરો આનંદ ત્યારે જ મળે છે જ્યારે તમે બીજા માટે જીવો છો. મિત્રતા એક એવો સંબંધ છે જેને સારા અને ખરાબ બંને સંજોગોમાં ટકાવી રાખવો જરૂરી છે. વ્યસ્તતાના બહાના હેઠળ પરિવારની ક્યારેય અવગણના ન કરો. બાળકને દર વખતે માર્ગદર્શન આપતાં રહેવું જરૂરી નથી. ક્યારેક એને ભૂલ કરી પોતાની જાતે શીખવા દો. જવાબદારીથી વધીને કોઈ સારો શિક્ષક નથી. બીજાઓ વિશે સારા-ખરાબનો નિર્ણય લેવા કરતાં એમને બની શકે તેટલો સહકાર આપો. કોઈ પણ સ્થિતિમાં સમસ્યાના નહીં પણ ઉકેલના ભાગીદાર બનો. *(સાભાર)*

# વૈયાવૃત્ય એ ધ્યાનના ઊંડાણની પારાશીશી છે

■ ગુણવંત બરવાળિયા

નગરથી ઉપવન તરફ જતાં રાજમાર્ગ પર ચાલી જતી બે સહિયરોએ એક દૃશ્ય જોયું. કૌતુકભરેલા દૃશ્યને નિહાળવા એ બન્ને સખી આગળ ચાલી.

નગરશ્રેષ્ઠી હાથીની અંબાડી પર બેઠેલા હતા. બાજુમાં મહાવ્રત, આગળ-પાછળ સેવકો ચાલી રહ્યા હતા. રાજમાર્ગથી રસ્તો ફંટાયો, નાનકડો રસ્તો ઉપવન તરફ જતો હતો ત્યાં શ્રેષ્ઠી હાથી પરથી ઊતર્યા અને ઘોડા પર બેઠા. થોડું આગળ ચાલતા એક પગદંડી આવી. શ્રેષ્ઠી ઘોડા પરથી ઊતર્યા, અનુચરો પાલખી લઈને ઊભા હતા તેમાં શ્રેષ્ઠીને બેસાડી ઊબડ-ખાબડ કેડી પર જરા પણ આંચકો ન આવે તેમ ભોઈ-અનુચરો પાલખી ઊંચકીને ચાલવા લાગ્યા. ઉપવન આવતાં શ્રેષ્ઠી નીચે ઊતર્યા અને મખમલી તળાઈ સાથેની ફૂલશૈયા પર સૂતા. અનુચરો પગ દબાવવા લાગ્યા એ કૌતુકભર્યું દૃશ્ય જોતાં એક સખી બીજી સખીને પૂછે છે:

''હાથી બેઠો, ઘોડે બેઠો, બેઠો પાલખીમાંય
કિયા દિનકો થકો, સખીરી પડયો દબાવત પાય''

આ શેઠ હાથી-ઘોડા ને પાલખીમાં જ બેઠા છે. ચાલ્યા લગીરે નથી, તો કયા દિવસનો એવો તે તેને થાક લાગ્યો કે પગ દબાવે છે. સખી જવાબ આપે છે:

સાધુ સંત કી સેવા કિની ચાલ્યો અણવણ પાય
તા' દિનકો થકો સખીરી પડયો દબાવત પાય.

હે સખી તું સાંભળ! પૂર્વભવમાં આ શેઠે સાધુ-સંતની ખૂબ વૈયાવચ્ચ, સેવા-શુશ્રૂષા કરી હતી. પાદવિહારમાં સાધુ-સંત સાથે ઉઘાડે પગે ચાલ્યો હતો. પૂર્વના એ થાકને ઉતારવા તેના દેહને વિશ્રામ આપવા અનુચરો પગ દબાવે છે.

સખીઓના સંવાદનો એવો સંકેત છે કે પૂર્વે સાધુ-સંતની વૈયાવચ્ચ, સેવા-શુશ્રૂષા કરનારને તેના પ્રચંડ પુણ્યોદયે કેવી સમૃદ્ધિ મળે છે.

અહીં ભાવપૂર્વક વૈયાવચ્ચ કરનારને થનાર પુણ્યબંધ પ્રતિ અંગુલિનિર્દેશ અભિપ્રેત છે.

વૈયાવચ્ચ કે વૈયાવૃત્ત શબ્દમાં, સેવા-શુશ્રૂષાની પવિત્ર ભાવના અભિપ્રેત છે.

જૈન ધર્મમાં બાર પ્રકારનાં તપ દર્શાવવામાં આવ્યાં છે. છ બાહ્યતપ અને છ આભ્યંતર તપ. વ્રત-તપના પ્રેરક જૈનાચાર્યોએ ત્રીજા આભ્યંતર તપનું જૈન વ્રત-તપમાં વિશ્લેષણ કરતાં કહ્યું છે કે:

જ્ઞાની અને તપસ્વી, આચાર્ય, ઉપાધ્યાય, સાધુ-સાધ્વી તથા વડીલ, વૃદ્ધ, બીમાર, અપંગ આદિની વિવિધ પ્રકારે ઉચિત સેવાભક્તિ કરવી તે જ વૈયાવૃત્ત નામનું તપ. ગુણોમાં અનુરાગપૂર્વક સંયમી પુરુષો તેમ જ અઠ્ઠમ અથવા તેથી વધુ તપ કરનાર તપસ્વીઓનો ખેદ દૂર કરવો, પગ વગેરે દાબવા-ચોળવા, ચંદન કે શીતળ દ્રવ્યનું લેપન કરવું, લવિંગનો ખરડ કરવો તેમ જ તેમનાં સુખ-સગવડનો ખ્યાલ રાખવા અને એમ કરીને તેમને સુખ-શાતા ઉપજાવવાથી આ તપ થાય છે. ચતુર્વિધ સંઘની અને કુટુંબીજનોની ઉચિત સેવાભક્તિ કરવી તે પણ આ તપનો જ પ્રકાર છે. આ સર્વ પાત્રોને યોગ્ય રીતનાં શયન-સ્થાનની વ્યવસ્થા, સમયસર ઔષધિ આપવી, શારીરિક સ્વચ્છતા જાળવવામાં મદદ કરવી, અંગત વપરાશનાં સાધનોની સફાઈ કરવી, નિર્દોષ આહાર યોગ્ય સમયે આપવો, વ્યાધિપીડિત અંગોની સફાઈ કરવી, વસ્ત્રો ધોઈ આપવાં, પ્રવાસમાં મદદ કરવી, હલનચલનમાં ટેકો આપવો, હળવો વાર્તાવિનોદ કરવો, પત્રવ્યવહારમાં મદદ કરવી એવી અનેકવિધ રીતે સેવા-શુશ્રૂષા કરવી તે જ વૈયાવૃત્ય.

વૈયાવૃત્ય કનારને શ્રદ્ધા, ભક્તિ, વાત્સલ્ય, વિચ્છિન્ન સમ્યક્ત્વનું પુનઃસંધાન, તપ, પૂજા, તીર્થ, સમાધિ વગેરે પ્રાપ્ત થાય છે. જિનાજ્ઞાનું પાલન, સંયમ, સહાય, દાન, નર્વિચિકિત્સા, પ્રભાવના, કાર્ય-નિર્વહણ, મૈત્રી, કરુણા વગેરે વૈયાવૃત્ય કરનારના ગુણ છે. વૈયાવૃત્યતપ શ્રાવકો માટે મુખ્ય અને સાધુઓ માટે ગૌણ છે. વૈયાવૃત્ય એ ધ્યાનના ઊંડાણની પારાશીશી છે. વૈયાવૃત્ય એ પોતાની જાતમાંથી બહાર નીકળવા માટેનું બારણું છે. ધ્યાન દ્વારા તપસ્વી જેને અંતરના ઊંડાણમાંથી પામવા મથે છે. તેને જ વૈયાવૃત્ય દ્વારા પ્રત્યક્ષપણે પામી શકાય છે. આત્માનો વિસ્તાર થતો અનુભવાય છે. એક એવી પરમ અવસ્થા પામી શકાય છે. જ્યાં ધ્યાન અને વૈયાવૃત્ય એકરૂપ બની જાય છે.

શ્રી આચારાંગ સૂત્રના પ્રથમ ઉપદેશકની ૧૮મી ગાથામાં કહ્યું છે કે, ''સાધકે માન અને અપમાનમાં કેટલી સમતા કેળવી છે? તેની ભિક્ષામય જીવનથી કસોટી થાય છે. ભિક્ષા એ ત્યાગી જીવનનું કપરું અને કઠિન વ્રત છે. ભિક્ષા અને પાદવિહાર એ બે એવાં જ્ઞાનનાં સાધનો છે, કે જે જ્ઞાન

ભૂગોળના કે માનસશાસ્ત્રોના અનંત ગ્રંથોથીય ન મળી શકે એવું લોકમાનસનું જ્ઞાન આ બે સાધનો દ્વારા મળી રહે છે અને ત્યાગી જીવનના આદર્શનો પ્રચાર પણ આ બે સાધનો દ્વારા સહેલાઈથી, ગામડે ગામડે ઘરેઘરે પહોંચી વળે છે એ દૃષ્ટિએ જ શ્રમણસંસ્થા માટે આ બે સાધનો નિર્માયાં છે.

પ્રથમ તીર્થંકર ઋષભદેવ આદિનાથથી શરૂ કરી ચરમતીર્થંકર ભગવાન મહાવીરસ્વામી સુધીના તમામ તીર્થંકરોએ પાદવિહાર અને ભિક્ષાચરી દ્વારા સંયમજીવનનું પાલન કર્યું.

ભગવાન મહાવીર નિર્વાણ પછીના કેટલાક સમય સુધી તો જૈન મુનિ ભગવંતો ગામબહાર ઉદ્યાનમાં ચાતુર્માસ કરતાં. શેષકાળમાં પણ મુનિઓ ગામબહાર રાજા, શ્રેષ્ઠી, શ્રાવકોના ચૈત્યો, ઉપવનો, વિહારો કે ઉદ્યાનમાં રોકાતા અને સ્વની સાધના સાથે પરનું કલ્યાણ કરતાં.

સમયના સાંપ્રત વહેણમાં શ્રાવકોના વસવાટને કારણે ગામનગર અને મહાનગરોમાં અનેક ધર્મસ્થાનકો થયાં અને સાધુસંતો તેમાં ચાતુર્માસ અર્થે કે શેષકાળમાં પધારી સ્વસાધના અને ધર્મજાગૃતિનું કાર્ય કરવા લાગ્યા.

પ્રદૂષિત હવા-પાણીના કારણે અને કાળના પ્રભાવે, શરીરનાં સંઠાણ પરિવર્તનોને કારણે ખાસ કરીને મોટી ઉંમરના સાધુ-સંતો માટે પાદવિહાર કઠિન બની ગયો.

શ્રાવકો માટે સંતોની વૈયાવચ્ચ માટે બે પાસાં ઊપસી આવ્યાં. એક વિહાર કરી શકે તેવી ઉંમર અને શારીરિક ક્ષમતા ધરાવતા સંતોની બીમારી કે અકસ્માત વખતેની વૈયાવચ્ચ અને મોટી ઉંમરના વિહાર કે ગોચરી માટે ફરી ન શકે તેવી શારીરિક ક્ષમતા ગુમાવેલા સંતો, નાની ઉંમર હોવા છતાં ભયંકર રોગનો ભોગ બનેલા કે અકસ્માતને કારણે શારીરિક વિકલાંગતા કે અશક્તિ આવતા વિહારાદિની શારીરિક ક્ષમતા ગુમાવતા સંતોના સ્થિરવાસ અને વૈયાવચ્ચની વ્યવસ્થા કરવાનું શ્રાવકો માટે જરૂરી બન્યું.

વિશ્વની તમામ ધર્મપરંપરાએ સહાનુભૂતિની વાત કહી છે જ્યારે જૈન ધર્મ ત્યાંથી આગળ વધીને સમાનાભૂતિની વાત કરી છે. સહાનુભૂતિમાં અનુકંપા અને દયા અભિપ્રેત છે જ્યારે સમાનાભૂતિમાં ગૌરવ અભિપ્રેત છે. અન્યને દુઃખ કે પીડા ઉત્પન્ન થતાં હું દુઃખી થાઉં, પીડિત વ્યક્તિ પ્રત્યે સહાનુભૂતિ પાઠવું તે એક વાત, પણ અન્યનાં દુઃખ કે પીડા જોઈ માત્ર દુઃખી ન થાઉં, પરંતુ મને એવા જ પ્રકારનું દુઃખ થયું છે એવી અનુભૂતિ કરું. જેવો મારો આત્મા છે એવો જ સામેની પીડિત વ્યક્તિનો આત્મા છે. આ દુઃખ મને થઈ રહ્યું છે એવી વેદનાની અનુભૂતિ કરું અને પછી તેની સેવા- વૈયાવૃત્ય કરું તો એ નિજી સંવેદના બની જશે. વળી પંચમહાવ્રતધારી સંતો તો આપણા પૂજનીય છે માટે સેવા અને વૈયાવૃત્યમાં ફરક છે. સેવા એટલે રાહતનું ગુંજન, વૈયાવચ્ચ એટલે રત્નત્રયીનું પૂજન.

સાધુ-સંતો તો પરિષહો સહેતા આવ્યા છે. ઉપસર્ગો સામે ઝઝૂમે છે માટે વૈયાવચ્ચ એ સંતોની સેવા જરૂરિયાત નથી, આપણા હૃદયની સંવેદના છે. જ્યારે કાયાની માયા વિસારનારા સંતને અસમાધિ થાય ત્યારે આપણે નમ્રતા સાથે વંદના કરી વિનંતી કરીએ કે અમને વૈયાવચ્ચનો લાભ આપો.

ઉપ એટલે સમીપ, યોગ એટલે જોડાવું, જે ક્રિયા આત્માની સમીપ જવામાં સહકારી નીવડે એ ઉપયોગ ગણાય. સેવા એ સહયોગ છે તો વૈયાવચ્ચ એ ઉપયોગ છે.

વૃદ્ધ માતા-પિતા, રુગ્ણ, ગુરુ કે સંતની વૈયાવચ્ચ કરનારની સ્મરણશક્તિમાં વૃદ્ધિ થાય છે. તેને વિદ્યા અને જ્ઞાનપ્રાપ્તિ સુલભ બને છે. વૈયાવચ્ચનો ધર્મ આપણામાં એવી રીતે પ્રતિષ્ઠિત થવો જોઈએ કે જે સાધુજીનાં વ્રતોને લક્ષમાં રાખીને જ કરવામાં આવે. વ્રતમાં શક્ય એટલા દોષ ન લાગે તેની ઝીણવટભરી કાળજી સાવધાનીમાં જ વિવેક અભિપ્રેત છે.

સંત-સતીજીઓ માટે શક્ય એટલી વધુ આરાધનાધામોમાં વૈયાવચ્ચની સગવડો ઉપલબ્ધ થાય. જરૂરિયાત પ્રમાણેનાં સેવાકેન્દ્રોનું નિર્માણ થાય તેની મહાસંઘો કે મહાજન સંસ્થાઓ કાળજી લેશે તો શાસનનું ગૌરવ જળવાશે. તીર્થંકર નામકર્મ ઉપાર્જનના વીશ બોલમાં ૧૬મો બોલ વૈયાવચ્ચનો છે. સાધુ-સંતોની ઉત્કૃષ્ટભાવે વૈયાવચ્ચ સેવા કરવાથી સ્વયં ભગવાન બની શકાય છે અને કહ્યું છે કે,

વૈયાવચ્ચ ગુણધરાણં નમોઃ નમોઃ

વૈયાવચ્ચનો ગુણ ધારણ કરનાર, એને જીવનમાં ચરિતાર્થ કરનાર વંદનને પાત્ર છે.

સેવામૂર્તિ નંદીષેણની કસોટી કરવા પરુની દુર્ગંધવાળા મુનિ દેહરૂપ ખુદ ઇંદ્ર આવ્યા અને નંદીષેણે ભાવપૂર્વક વૈયાવચ્ચ કરી કસોટીથી પાર ઊતર્યા. મરૂદેવી માતા, શૈલકરાજર્ષિ અને બહુસૂત્રી પંથકમુનિ, પૂ. સમર્થમલજીની વૈયાવચ્ચ ભાવનાનું પાવનસ્મરણ કરી અભિવંદના કરીએ.

## સમાચાર

તપસ્વીરાજ ગુરુવર પ.પૂ. પારસમુનિજી મ.સા. દ્વારા ધ્યાનસ્થ આંતરસ્ફુરણાથી ઉદ્‌ભવેલ વિચારોથી ઉત્સાહિત થઈ પરમપ્રભાવક પૂ. ગુરુદેવ આચાર્યભગવંત શ્રી ચંપક ગુરુવરની ૨૩મી પુણ્યતિથિના પાવન પ્રસંગે જાહેર કર્યું કે હવેથી પોતે તથા તેઓનાં સાધુ-સંતો તથા સાધ્વીજીઓ 'શ્રી ચંપક ગચ્છ'થી ઓળખાશે અને એ નામથી સંયમસાધનામાં પ્રગતિ કરતાં વિચરશે તેની સર્વ શ્રી સંઘોએ નોંધ લેવી.

# દુર્લભ મનુષ્યભવ

■ ડૉ. આરતી નલિન વોરા

દરેક જીવાત્મા ચોર્યાશી લાખ યોનિમાં કર્માનુસાર ભટકયા કરે છે. જીવોની ગતિ ચાર છે-નારકી, તિર્યંચ, મનુષ્ય અને દેવગતિ. આ ચારે ગતિ પૈકી મનુષ્યભવ શ્રેષ્ઠ છે. ત્યારે એકવાર આપણા મનમાં વિચાર ઝબકી જાય કે દેવો કરતાં પણ મનુષ્યભવ શ્રેષ્ઠ ખરો? માનવભવ દેવો કરતાં પણ શ્રેષ્ઠ છે, કેમકે દેવો તપ, વ્રત, નિયમ કે પ્રત્યાખ્યાન અંગીકાર કરી શકતા નથી. તેઓ માત્ર પુણ્યની કમાણી ખાય છે. તે ઉપરાંત દેવો તે ગતિમાંથી ચ્યવીને સીધા મોક્ષમાં જઈ શકતા નથી. મોક્ષમાં જવાની યોગ્યતા પ્રાપ્ત કરવા માટે એકમાત્ર મનુષ્યભવ જ છે. તેથી જ મનુષ્યભવને શ્રેષ્ઠ ગણવામાં આવેલ છે. માનવભવ પ્રાપ્ત થવા સાથે આર્યક્ષેત્ર, ઉચ્ચ કુળ, તંદુરસ્ત શરીર, કેવળી પ્રરૂપિત ધર્મ અને પંચ મહાવ્રતધારી સાધુ-સાધ્વીનો સુયોગ પ્રાપ્ત થવો દુર્લભ-અતિદુર્લભ છે.

વ્રત-પ્રત્યાખ્યાન-સંયમ માત્ર મનુષ્ય-તે પણ હળુકર્મી જીવો-જ કરી શકે છે. દેવલોકમાં દેવતાઓ ઘણા પ્રયત્નો કરે તોપણ કંઈ જ પ્રાપ્ત કરી શકતા નથી. તેઓએ તો પુણ્યની જમા પુંજી ખર્ચ કરવાની હોય છે, પણ પુણ્યનું ઉપાર્જન કરી શકતા નથી. મનુષ્યોમાં પણ ઉત્તમ સાધનો પ્રાપ્ત થવા છતાં પણ ઘણા ધર્મથી વંચિત રહી જાય છે.

આવી મહાદુર્લભ અનુકૂળતાઓનો હેય, જ્ઞેય અને ઉપાદેયની સમ્યગ સમજણ પ્રાપ્ત કરવામાં, પુણ્યાનુબંધી પુણ્યનું ઉપાર્જન કરવામાં તેમ જ સંવર અને નિર્જરા કરવામાં, શ્રેષ્ઠ ઉપયોગ કરવામાં સમ્યગ સમજણ રહેલી છે. પુણ્ય એ સોનાની બેડી છે એ ખરું, પણ પુણ્યાનુબંધી પુણ્ય ધર્મઆરાધના સમયે સંવર અને નિર્જરા કરવામાં દરેક પ્રકારની અનુકૂળતા કરી આપે છે તે દૃષ્ટિએ તે કામચલાઉ ઉપાદેય બને છે.

આ પંચમકાળમાં આ ક્ષેત્રમાંથી મોક્ષ પ્રાપ્ત થઈ શકતો નથી, પરંતુ મોક્ષપ્રાપ્તિ માટેનો ભગવાન મહાવીરે પ્રરૂપેલો માર્ગ વિદ્યમાન છે અને તે માર્ગની સમજણ આપનાર સાધુ-સાધ્વીનો સુયોગ મળે છે. તેનો શ્રેષ્ઠ લાભ લઈને ઓછામાં ઓછા ભવમાં મુક્તિધામમાં પ્રવેશ મેળવી શકાય તેવી યોગ્યતા પ્રાપ્ત કરવામાં જ આ બધા દુર્લભ યોગો પ્રાપ્ત થવાની સાર્થકતા છે.

પરમસ્થાન એવા મોક્ષને મેળવવા-મનુષ્યભવ સૂત્રશ્રવણ, ધર્મ પ્રત્યે શ્રદ્ધા અને સંયમમાર્ગમાં શક્તિ ફેરવવી આ ચાર પરમ અંગ જીવને મળવા અતિદુર્લભ છે. અનંતા જન્મ-મરણના ફેરા કર્યા બાદ કોઈ પ્રબળ પુણ્યોદયે આર્યક્ષેત્ર, મનુષ્યજન્મ, ઉત્તમ કુળ, નિરોગી શરીર, જિનવાણીનું શ્રવણ અને સદ્ગુરુનો સમાગમ વગેરે સંયોગો પ્રાપ્ત થાય છે. તેથી આ જન્મમાં મોક્ષમાર્ગ મેળવવાનું મુખ્ય લક્ષ નક્કી કરવું જોઈએ, જે દેવ, અરિહંત, ગુરુ નિગ્રંથ અને કેવળી પ્રરૂપિત ધર્મની આરાધનાથી સહજ અને સરળ બને છે. પાંચ પ્રકારના વ્રત, ૧૨ પ્રકારની તપશ્ચર્યા, ૧૪ નિયમોની ધારણા, રાત્રિભોજન ત્યાગ તથા સામાયિક-પ્રતિક્રમણ આદિ આવશ્યક ક્રિયા કરવાથી જીવની ઉન્નતિ થાય છે, જે ક્રમે કરીને મોક્ષ મંજિલે પહોંચી આત્મા પરમાત્મા બની શકે છે. આ જન્મમાં વધુ નહિ તો ઓછામાં ઓછું સમ્યગદર્શનનું બીજારોપણ પણ જો થઈ જાય તોપણ અર્ધપુદ્ગલ પરાવર્તનકાળમાં આત્મા અવશ્ય સિદ્ધત્વને પામે તેમ શાસ્ત્રોનું કથન છે.

માનવદેહથી જ શાશ્વત સુખ-મોક્ષસુખ મળે છે, તેથી જ મનને મનમાં (ધર્મમાં) લગાડવું, તનને તપમાં જોડવું, વાચાને મૌનમાં રાખવી, તો પછી દુનિયાની અશક્ય બાબત શક્ય થયા વિના ન રહે. નિરાશાનાં વાદળાં વિખેરાઈ જાય અને આશા અને ખુમારીનાં સૂર્યકિરણો ઝળહળી ઊઠે.

આપણને મળેલ માનવભવ શ્રેષ્ઠ છે, કારણકે સર્વ પાપોનો ત્યાગ, સર્વ કર્મોનો ત્યાગ માત્ર માનવભવમાં જ થઈ શકે છે. પરમાત્માની સર્વે આજ્ઞાનું પાલન માત્ર આ જ ભવમાં થઈ શકે છે. જગતના સર્વ જીવો સાથેની આત્મીયતાભરી મૈત્રી-પ્રેમ આ ભવમાં જ શક્ય છે. આપણા પોતાના જ આત્માની સંપૂર્ણ શુદ્ધિ માનવભવમાં જ થઈ શકે છે અને પરમાત્માની ભક્તિ પણ માનવભવ સિવાય થઈ શકતી નથી.

માનવભવમાં આર્યક્ષેત્ર, ઉત્તમ કુળ, જૈન શાસન, પાંચ ઈન્દ્રિયની પરિપૂર્ણતા, નિરોગી કાયા, દીર્ઘ આયુષ્ય, ધર્મશ્રવણ, જિન વચનો પર શ્રદ્ધા અને સંયમમાં પુરુષાર્થ આ બધું અનંત પુણ્યરાશિ હોય તો જ પ્રાપ્ત થઈ શકે છે. પ્રથમ તો આત્મા નિગોદમાં જન્મે છે. પુણ્યની વૃદ્ધિ થાય ત્યારે નિગોદમાંથી બહાર નીકળી વ્યવહારરાશિમાં અને અનંતા પુરુષાર્થ પછી સંત્તી પંચેન્દ્રિયની કક્ષાએ પહોંચી શકે છે. મનુષ્યગતિમાં આવતાં પહેલાં બીજી ત્રણે ગતિમાં અતિશય પરિભ્રમણ કરવું પડે છે. તે પરિભ્રમણ કરતાં અનંત પુણ્યનો ઉદય થાય ત્યારે જીવ મનુષ્યગતિને પામી શકે છે.

મનુષ્યઅવતાર મળવાથી કંઈ ધર્મપ્રાપ્તિ થઈ જ જાય છે એવું નથી. મનુષ્યગતિ મળ્યા પછી આર્યભૂમિ મળવી એટલી જ દુર્લભ છે. કર્મભૂમિનાં ફક્ત પંદર જ ક્ષેત્રો છે. બાકી બધી

અકર્મભૂમિ છે. પંદર ક્ષેત્ર પૈકી મહાવિદેહમાં તો સદાકાળ જૈન ધર્મ પ્રવર્તે છે. બાકીનાં દસ ક્ષેત્રમાંના પ્રત્યેક ક્ષેત્રમાં બત્રીસ હજાર દેશ છે, પણ તે પૈકી ધર્મ કરવાના તો માત્ર સાડી પચ્ચીસ આર્યદેશ છે. તેથી સંપૂર્ણ લોકના પ્રમાણમાં આર્યક્ષેત્ર ખૂબ નાનું છે તેથી ત્યાં જન્મ મળવો મુશ્કેલ છે.

આર્યદેશમાં જન્મ થયા પછી ઉત્તમ કુળનો જોગ મળવો બહુ જ મુશ્કેલ છે. મહાન પુણ્યશાળી હોય તેનો જ ઉત્તમ કુળમાં જન્મ થાય છે. શરીર માત્રથી કે જાતિ માત્રથી ઊંચનીચ કહી શકાય નહિ. શાસ્ત્રોમાં ઊંચ-નીચપણું જાતિથી નહિ, પણ ગુણકર્મથી કહ્યું છે. ઉત્તમ ગુણોવાળા અને સત્કર્મ કરનારા મનુષ્ય ઊંચા કહેવાય છે. યથાશક્તિ જપ-તપ-ઈન્દ્રિયદમન-દયા-દાન કરે તેને ઉત્તમ કુળનો કહી શકાય. આવું ઉત્તમ કુળ તે જૈન કુળ છે અને જૈન કુળમાં જન્મ થવો મહામુશ્કેલ અને અતિદુર્લભ છે.

ઉત્તમ કુળ મળ્યા પછી લાંબું આયુષ્ય મળવું પણ મુશ્કેલ છે. ત્રીજા-ચોથા આરાના મનુષ્યોનાં આયુષ્ય ‘પૂરવ’માં હાતા (પૂરવ = આયુષ્યનું એક માપ). જ્યારે અત્યારે તો ખૂબ જ અલ્પ આયુષ્ય હોય છે. કોઈ બાલ્યાવસ્થામાં, જુવાનીમાં કે સિત્તેર આસપાસનું આયુષ્ય ભોગવી પરલોક સિધાવી જાય છે.

લાંબું આયુષ્ય મળ્યા પછી પણ પાંચે ઈન્દ્રિયો પૂરી અને નિરોગી મળવી તે પણ ઘણું કઠિન છે. પાંચે ઈન્દ્રિયો નિરોગી ન હોય તો ધર્મકાર્ય સારી રીતે થઈ શકતું નથી.

પૂર્ણ તંદુરસ્ત શરીરની પ્રાપ્તિ વગર ધર્મકરણી કરવી મુશ્કેલ છે. કોઈક જ ભાગ્યશાળીને પૂર્ણ નિરોગી શરીર સદાકાળ માટે રહે છે. તેથી જ શાસ્ત્રમાં કહ્યું છે કે જ્યાં સુધી શરીરમાં વ્યાધિએ જોર નથી કર્યું ત્યાં સુધી ધર્મઆરાધના કરી લેવી, કારણકે પુણ્યકર્મના યોગે રોગ અંદર દબાઈને રહે છે ત્યાં સુધી તકલીફ નથી આપતા. કહેવાય છે ને કે ‘પહેલું સુખ તે જાતે નર્યા’. જો શરીર નિરોગી હોય તો જ તમામ કાર્યો સારાં લાગે છે, ધર્મકરણી કરી શકાય છે અને મોક્ષમાર્ગે આગળ વધી શકાય છે.

આ બધું મળ્યા બાદ પણ જો સદ્‌ગુરુની સંગત ન મળે તો બધું જ વ્યર્થ છે, કેમકે સદ્‌ગુરુ વિના માર્ગ કોણ બતાવે. સદ્‌ગુરુ તો ધર્મમાર્ગના ભોમિયા છે. ભોમિયા વિના આપણે ગમે તેટલું ભટકીએ, પણ મંજિલને પામી શકતા નથી.

આવા સદ્‌ગુરુ કે સંતોના સમાગમથી જ્ઞાનની પ્રાપ્તિ થઈ શકે છે. જ્ઞાનની પ્રાપ્તિથી જ સુકૃત અને દુષ્કૃત વિશેની સમજણ આવે છે, તેનાં સારાં-નરસાં ફળની જાણ થાય છે, પચ્ચક્ખાણ કરી સંયમમાં રહી શકાય છે, આશ્રવને રોકે છે, તપ કરી કર્મોની નિર્જરા કરી કર્મો ઘટાડે છે અને સર્વ પાપથી રહિત બની શકાય છે. કર્મનિર્જરાથી આત્મા હળવો બને છે, મોક્ષમાર્ગે આગળ વધવાનો રસ્તો જડે છે.

સદ્‌ગુરુ પ્રાપ્ત થયા પછી ધર્મશ્રવણ મુશ્કેલ છે. કદાચ ધર્મશ્રવણનો યોગ મળી જાય તોપણ શાસ્ત્રશ્રવણમાં રુચિ પણ સરળ નથી, ધર્મશાસ્ત્ર શ્રવણ કરવાથી અમુક કાર્યોથી પુણ્ય અને અમુક કાર્યોથી પાપ થાય છે અને તે જ અનુક્રમે સુખ-દુઃખનું કારણ બને છે તે સમજાય છે. તેથી બંનેના ફળ જાણી જે શ્રેયકારી-ઉત્તમ હોય તેનો જ સ્વીકાર કરવો.

ધર્મશાસ્ત્ર સાંભળી તેનામાં શુદ્ધ શ્રદ્ધા રાખવી. જે કાંઈ ધર્મશાસ્ત્રમાં વર્ણન છે તે કેવળી ભગવંતની વાણી છે અને તેથી જ સત્ય છે તેમાં શંકાને સ્થાન છે જ નહિ.

સુખ કે દુઃખ કોઈને આપવાની કે લેવા-દેવાની વસ્તુ નથી. જેવાં ભાગ્ય અને જેવાં કર્મો એ પ્રમાણે સુખ-દુઃખ મળે છે. ભાગ્યને પલટાવીને કે કર્મોને ટાળવાની કોઈની તાકાત નથી, પણ એ તાકાત અને શક્તિ માનવમાં છે. માનવ ધારે તે કરી શકે તેમ છે, માટે ખોટી અંધશ્રદ્ધા - મિથ્યાત્વ છોડી, સાચી શ્રદ્ધા ધરાવી સમક્તિધારી બનવું અને અરિહંત દેવ, નિગ્રંથ ગુરુ અને કેવળી પ્રરૂપિત ધર્મ એ ત્રણ તત્ત્વને આરાધવાથી આત્મા મુક્તિ મેળવી શકે છે.

મોક્ષસ્થિતિએ પહોંચવા માટે સહુ પ્રથમ તો હૃદય પર અનેક વર્ષોથી મિથ્યાત્વને કારણે બાઝેલાં જાળાં (અજ્ઞાન અને અંધકારનાં) દૂર કરવાં પડશે. માનવી જીવનભર આગ્રહ-સંગ્રહ-વિગ્રહમાં ખૂંપેલો છે. માનવીમાં પૂર્વગ્રહ, હઠાગ્રહ, દુરાગ્રહ અને કદાગ્રહ જોર જમાવીને બેઠા છે. ઉપગ્રહ છોડવો સહેલો છે, પણ પૂર્વગ્રહ છોડવો કઠિન છે. આવા પૂર્વગ્રહને કારણે વ્યક્તિ સત્ય વસ્તુનું દર્શન કરી શકતો જ નથી. પોતાના હઠાગ્રહને કારણે અન્યની સાચી વાત પ્રત્યે આંખમિચામણાં કરે છે. એના દુરાગ્રહને કારણે સામી વ્યક્તિને પોતે માને છે તે જ સાચું છે એવું ઠસાવવા કોશિશ કરે છે. એના કદાગ્રહો એના જ મુક્તિપંથના અવરોધક બને છે. આથી મોક્ષમાર્ગને અનુસરવા માટે સહુથી પહેલી શરત ચિત્તશુદ્ધિ અને આત્મશુદ્ધિની છે. એ શરત પૂર્ણ થાય તો જ મોક્ષસ્થિતિએ પહોંચી શકાય છે. વીતરાગ કેવળી ભગવંત શ્રી અરિહંત પ્રભુએ જે અહિંસા-સંયમ-તપ-ધર્મની પ્રરૂપણા કરી છે એ ધર્મમાર્ગે ચડાવવા માટે ભોમિયાનું કામ કરે છે નિગ્રંથ ગુરુદેવો. જે આત્મા એમના ચિંધ્યા રાહે ચાલે છે તે આત્મા મુક્તિનો અધિકારી બની શકે છે.

કરેલાં કર્મો તો દરેકે ભોગવવાં જ પડે છે. કર્મો કોઈને છોડતાં નથી. માનવભવની પ્રાપ્તિ અનંતપુણ્યની વૃદ્ધિ થાય ત્યારે જ મળે છે. આ મોંઘો માનવભવ દુર્ગતિ મેળવવા માટે નથી. આપણે એવી કરણી કરીએ કે સદ્‌ગતિ અને અંતે મોક્ષગતિ મળે. ‘અનંત શક્તિ છે માનવઆત્મામાં, એ ધારે તો દુર્ગતિ અને ધારે તો સદ્‌ગતિ.’

# પિરામિડ વાસ્તુ

■ મીનાક્ષી શેઠ

(ભાગ-૭)

હમણાં આપણે દિશા વિષેની જાણકારી મેળવી રહ્યા છીએ. પ્રથમ આપણે ઉત્તર દિશા, ઈશાન, ખૂણો અને પૂર્વ દિશા વિષે ગયા અંકમાં જાણ્યું. હવે આપણે આગળ વધીશું. પૂર્વ દિશા પછી પૂર્વ અને દક્ષિણ વચ્ચે આવે છે અગ્નિ ખૂણો, તો તેના વિષે સમજશું.

**અગ્નિ ખૂણો :** પૂર્વ અને દક્ષિણ દિશા વચ્ચે ૧૩૫° પર આવેલ ખૂણાને અગ્નિ ખૂણો કહેવાય છે. ત્યાં અગ્નિતત્ત્વ રહેલું છે, એટલે કે અગ્નિદેવનો વાસ છે અને શુક્ર ગ્રહનો આ દિશા પર પ્રભાવ છે. અગ્નિ એટલે ઊર્જાશક્તિ, ચેતનાશક્તિ. અગ્નિ દિશાનો સીધો સંબંધ આર્થિક સમૃદ્ધિ સાથે છે. એમ કહેવાય છે અગર આપણું રસોડું અગ્નિ દિશામાં હોય તો મોટા ભાગના વાસ્તુદોષનું નિરાકરણ થઈ જાય છે, એટલે કે આપણું કિચન અગ્નિ ખૂણામાં જ હોવું જોઈએ. અગર કિચન અગ્નિ ખૂણામાં હોય તો આર્થિક સમૃદ્ધિમાં ખૂબ જ વધારો થાય છે અને આરોગ્ય પણ સારું રહે છે, પરંતુ એ ખાસ ધ્યાન રાખવું કે રસોઈ કરતી વખતે સ્ત્રીનું મુખ પૂર્વ દિશામાં રહેવું જોઈએ. એ સિવાય ઈલેક્ટ્રિક રૂમ, જનરેટર, નોકરચાકરના રૂમ, ઈલેક્ટ્રોનિક્સનાં સાધનો વગેરે અગ્નિ ખૂણામાં રાખી શકાય છે. અગ્નિ ખૂણામાં બાથરૂમ, બોરવેલ, ભૂગર્ભ ટાંકી ક્યારેય બનાવવા નહીં તેમ જ નવપરિણીતનો રૂમ ક્યારેય અગ્નિ ખૂણામાં રાખવો નહીં.

અહીં એક વાતની સ્પષ્ટતા કરવી જરૂરી છે જે મેં આગળ પણ કરી છે કે આપણે આપણા ઘરમાં કંઈ દિશામાં શું આવેલું છે તે જોવું હોય તો આખા ઘરના બ્રહ્મસ્થાનમાં ઊભા રહી દિશામાપક યંત્ર દ્વારા જોવું, દરેક રૂમના બ્રહ્મસ્થાનમાં નહીં.

**દક્ષિણ દિશા :** ઘરના બ્રહ્મસ્થાનમાં ઊભા રહીને જોવાથી જ્યાં ૧૮૦° (ડિગ્રી) ઉપર દક્ષિણ દિશા કહેવાય છે. દક્ષિણ દિશા પર યમરાજનો અને મંગળ ગ્રહનો પ્રભાવ છે. યમરાજ ન્યાયના દેવતા કહેવાય છે. અગર દક્ષિણ દિશામાં વાસ્તુદોષ હોય તો ઘરમાં દરેક સભ્યો વચ્ચે બરાબર ન્યાય થતો નથી. ઘણી વાર કોર્ટકેસ, ઝઘડા, બદનામી વગેરે બાબત બને છે. દક્ષિણ દિશામાંથી આવતા સૂર્યનાં જલદ કિરણો ઘરમાં નેગેટિવ એનર્જી ઉત્પન્ન કરે છે, એટલે ઘરમાં દક્ષિણ દિશામાં બને તો મુખ્ય દરવાજો અને વધારેપડતી બારીઓ નહીં હોવી જોઈએ. દક્ષિણ દિશામાં મોટા પર્વતો, ઊંચાં બિલ્ડિંગો, મોટાં વૃક્ષો હોય તો સારાં ફળ આપે છે. ઘરમાં ટોઈલેટ, સીડી, સ્ટોરરૂમ વગેરે દક્ષિણ દિશામાં રાખી શકાય છે. દક્ષિણ દિશામાં અંડરગ્રાઉન્ડ ટાંકી, કૂવો, બોરવેલ, કિચન વગેરે નહીં હોવા જોઈએ. આ દિશામાં અગાસી કે બાલકની પણ નહીં હોવા જોઈએ અને હોય તો એમાં સુધાર કરવો ખૂબ જ જરૂરી હોય છે.

**નૈઋત્ય ખૂણો (સાઉથ-વેસ્ટ કોર્નર) :** નૈઋત્ય ખૂણો એટલે દક્ષિણ અને પશ્ચિમ વચ્ચેનો ખૂણો, જે ૨૨૫° પર આવેલ છે. જેમ ઈશાન ખૂણામાં ભગવાનનો વાસ છે એવી રીતે એકદમ ઓપોઝિટ નૈઋત્ય ખૂણામાં રાક્ષસનો વાસ કહેવાય છે. ગ્રહમાં રાહુ ગ્રહનો પ્રભાવ ત્યાં જોવા મળે છે. જેમ ઈશાન ખૂણો સ્વચ્છ, ખાલી અને ખુલ્લો હોવો જોઈએ તેમ નૈઋત્ય ખૂણો દબાયેલો અને વજનવાળો હોવો જોઈએ. વજનદાર વસ્તુઓ, કબાટ, સ્ટોરરૂમ, સીડી, ઓવરહેડ ટાંકી અને સૌથી મુખ્ય તો આપણો માસ્ટ બેડરૂમ અહીં હોવો જોઈએ, જેથી ઘરમાં તેમનું વર્ચસ્ જળવાઈ રહે. નૈઋત્ય ખૂણામાં મુખ્ય પ્રવેશદ્વાર, કિચન, બાળકોનો અભ્યાસખંડ, મંદિર બિલકુલ નહીં હોવા જોઈએ. અગર આ ખૂણામાં વાસ્તુદોષ હોય તો અકસ્માત, આગ, બીમારી, કરજો વગેરે વિપરીત પરિસ્થિતિઓનું નિર્માણ થાય છે. આવક હોવા છતાં બચત થતી નથી. અગર આ દિશામાં વાસ્તુ બરાબર ન હોય તો ઘરમાં અનિષ્ટ તત્ત્વોનું નિર્માણ, આગમન પણ થઈ શકે છે.

---

★ તમે જ્યાં જાઓ ત્યાં બાકીની જિંદગી ગાળવાનો હો તે રીતે રહેજો અને ભલમનસાઈ બતાવવાની, સારાં વેણ બોલવાની કે મિત્ર બનાવવાની કોઈ જ તક જવા ન દેશો. *– જ્યોહન રસ્કીન*

★ કોઈ પણ માણસને હું મળું છું તે મારા કરતાં કોઈક બાબતમાં ચડિયાતો હોય છે અને હું એ બાબત એની પાસેથી શીખી લઉં છું. *– ઈમર્સન*

★ ટીકા પાળેલાં કબૂતર જેવી છે. પાળેલાં કબૂતર પોતાના માલિકને ત્યાં જ પાછાં ફરે છે. *– બાલ્ઝાક*

★ હું જે કાંઈ બોલ્યો છું એનો વિચાર કરું છું, ત્યારે મૂગાઓની મને ઈર્ષા આવે છે. *– સેનેકા*

# ઉપરવાળો સૌ સારાં વાનાં કરશે !

■ 'ડૉ. આઈ. કે. વીજળીવાળા

'હવે શું થશે?' આ એક જ પ્રશ્ન બધાના મનમાં ઘૂમરાતો હતો. દરેકના કાનમાં વગર બોલ્યે પણ આ સવાલ પડઘાતો હતો. અનિશ્ચિતતાના ઓછાયા નીચે પસાર થતો સમય આફતના કાળ કરતાં પણ દુષ્કર હોય છે. થાકીને લોથ થઈ ગયેલાં ચરણોને મંજિલ નજીક લાગતી હોય ત્યાં જ આડો હિમાલય જેવો પર્વત આવીને ઊભો થઈ જાય તેવો જ કંઈક પ્રસંગ અમારા ઘરમાં બન્યો હતો.

હવે શું થશે? એ પ્રશ્ન સિવાય ઘરમાં જાણે કોઈનું અસ્તિત્વ જ નહોતું. ઘરના એક ખૂણેથી બીજા ખૂણે આ સવાલ જાણે ચલકચલાણું રમીને પોતાની હાજરીની સતત પ્રતીતિ કરાવતો હતો.

વાત એમ બનેલી કે મને મેડિકલ કૉલેજમાં ઍડ્મિશન મળી ગયાનો કાગળ આવ્યો હતો. આમ તો આવો કાગળ મળવો એ એક અતિઆનંદની ઘટના જ ગણાય. એક ગરીબ છાપાં વેચનારની ઝૂંપડીમાં મોટા થયેલા અને દારુણ ગરીબીમાં ઊછરેલા વિદ્યાર્થીને મહેનત અને મૅરિટથી જ મેડિકલ કૉલેજમાં ઍડ્મિશન મળી જાય એ ખરેખર તો ગૌરવ લેવા જેવી બીના હતી.

અમારા ઘરમાં પણ ઘડીક તો આનંદની લહેર છવાઈ ગઈ હતી, પણ મજૂરને કોઈ મર્સિડીઝ ભેટમાં આપે પછી બીજી જ ક્ષણે પેટ્રોલ કેમ પુરાવવું એ પણ એક પ્રશ્ન હોય તેવી જ દશા અમારા સૌની થઈ હતી.

ઍડ્મિશન લેટરમાં સૌથી પહેલા જ લખેલું કે, ૭મી જુલાઈના રોજ બી. જે. મેડિકલ કૉલેજમાં સવારે ૧૧.૦૦ કલાકે હાજર થઈને રૂપિયા ૨૬૮.૦૦ની ટર્મ ફી ભરી દેવી, નહિતર ઍડ્મિશન રદ ગણાશે. બે દિવસમાં ટર્મ ફીની આવડી મોટી રકમ ભરવાની વાતથી જ અમને તકલીફ થઈ હતી. અતિગરીબાઈના એ દિવસો હતા. બાપુ છાપાં વેચીને અમારા સૌનું માંડ માંડ ગુજરાન ચલાવતા. હાંડલામાં કંઈ પણ પડયા ભેગું જ સાફ કરી નાખતાં અમે ઘેરોએક માણસો. ઘરમાં કાયમ અછતના ઓળાઓ જ મંડરાયેલા રહેતા. બે પૈસાની બચત હોય એવું તો ક્યારેય સપનું પણ ન સેવાય એવી પરિસ્થિતિ હતી. આખર તારીખે તાવડી ટેકો લઈ જાય તેવા દિવસો હોય ત્યાં બસો ને અડસઠ રૂપિયા કાઢવા ક્યાંથી? કેટલાય ઉછીનાપાછીના થાય ત્યારે તો મહિનો પૂરો થતો. તેમાં આટલી મોટી રકમ તો સાવ અણધારી જ હતી. એમ જ કહી શકાય કે અમારી તેવડ અને ગજા બહારની વાત હતી.

બાપુએ પણ એટલા બધા લોકો પાસેથી ઉછીના પૈસા લીધેલા કે હવે એમને કોઈ ૧૦ રૂપિયા પણ ઉછીના આપવા તૈયાર નહોતું. તો આ રકમ તો બહુ મોટી હતી. કોણ આપે? એટલે ક્યાંકથી ઉછીનાં નાણાં મળશે એવી આશા રાખવી ખોટી હતી.

જો બે દિવસમાં પૈસાની સગવડ ન થાય તો ઍડ્મિશન કૅન્સલ થાય એ પણ બધા જાણતા હતા. એટલે આ વ્યવસ્થા કઈ રીતે થશે એ યક્ષપ્રશ્ન અમને ગળેથી પકડીને ગૂંગળાવી રહ્યો હતો અને કદાચ વ્યવસ્થા ન થઈ શકે તો શું થશે? એ પ્રશ્ન જ અમને આજે અકળાવતો હતો.

ખુદા હશે કે કેમ એ અંગે અમે હંમેશાં સાશંક રહેતા, પણ મારાં દાદીમા અત્યંત શ્રદ્ધાળુ હતાં. અમારી મૂંઝવણ જોઈને એ વારંવાર બોલતાં કે, 'ખુદા સૌનું ભલું કરશે! ઉપરવાળો સૌ સારાં વાનાં કરશે. તમે બધા ચિંતા કરો મા!'

પરંતુ અમારામાંથી બીજા કોઈને એ સમયે આ શબ્દો પર રતીભાર વિશ્વાસ નહોતો. ઝાંઝવાનાં જળ ઢીંચવાના જ જેનાં નસીબ હોય તેને મીઠા પાણીની આશા આપવા જેવા આ શબ્દો હતા. સહરાના રણની વચ્ચોવચ્ચ આવતા વરસે મીઠામધ જેવા પાણીનું સરોવર હશે એમ કોઈ કહે અને રણમાં રહેતા માણસને જરાય વિશ્વાસ ન જ બેસે એવું જ કંઈક અમારું પણ હતું.

પરંતુ તરણું મળે તો તરણું, બચી જવા માટે કંઈક પ્રયત્ન તો કરવો જ રહ્યો એ ન્યાયે 'ચાલો, બે-ચાર જણને મળતો આવું, કદાચ ક્યાંકથી મેળ પડી પણ જાય!' એવું કહીને બાપુ તો સાઈકલ પર મારા ભાગ્યની શોધમાં ઊપડી ગયા. ઘરના સૌ પોતપોતાના કામે વળગ્યા.

અમારી કાચી માટીની તેમ જ પતરાંના છાપરાવાળી ઝૂંપડીનું ફળિયું ખૂબ વિશાળ હતું. ઉનાળાના ઉત્તરાર્ધના એ ગરમ દિવસોથી આખો દિવસ શેકાયા બાદ અમે ફળિયામાં રહેવાનું પસંદ કરતાં. અલકમલકની વાતો કરતાં કરતાં કોઈ જુદા જ પ્રદેશની સફરે પહોંચી જતા.

તે દિવસે પણ રાત્રિના સાડા દસ વાગ્યા સુધી અમે બધા બાપુની રાહ જોતા બેઠા રહ્યા. વાતો તો ત્યારે પણ અલકમલકની જ ચાલતી હતી, પણ બધાયનાં મન પેલા

સવાલની આસપાસ જ ઘૂમરાતા હતા. છેક પોણા અગિયાર વાગ્યા ત્યારે બાપુ આવ્યા. એમના અમારી સામે દૃષ્ટિ માંડવાના અંદાજ પરથી જ એ ખાલી હાથે પાછા આવ્યા છે એ અમે સમજી ગયાં. એમને કોઈએ કંઈ જ ન પૂછયું. ફક્ત દાદીમા એટલું જ બોલ્યાં, 'ખુદા સૌ સારાં વાનાં જ કરશે. હવે વાતું બંધ કરીને બધા સૂઈ જાવ.'

બસ, હવે ફી ભરી દેવાને આડે એક જ દિવસ બાકી રહ્યો હતો.

બીજો દિવસ પણ ઊગ્યો. એ પણ દર સાઠ મિનિટે એક કલાકની ઝડપે જ ભાગતો હતો. સાંજના પાંચ પણ વાગી ગયા. હવે અકળામણને સ્થાને મૂંઝવણ વધવા લાગી. મારાથી બોલી ઉઠાયું, 'એ લોકો ફી બાકી ન રાખે? આપણે આવતા મહિના સુધીમાં પૈસા ભરી દઈએ તો ન ચાલે?' પણ કોઈએ મારા સવાલનો જવાબ ન આપ્યો એટલે હું સમજી ગયો કે એમ નહિ જ ચાલતું હોય!

અચાનક બાપુ ઊભા થયા. મને કહે કે, 'ચાલ, તારા ઍડ્મિશનના કાગળની અને બારમાના સર્ટિફિકેટની કૉપી લઈને મારી ભેગો ચાલ.'

દલીલને કોઈ અવકાશ જ ન હતો. ડૂબતા માણસે છેલ્લા શ્વાસ સુધી પ્રયત્નો છોડવાના ન જ હોય. કંઈ પણ બોલ્યા વિના હું એ બધી વસ્તુઓ લઈને નીકળી પડયો. અમે બન્ને બાજુના ગામ સોનગઢ ગયા. ત્યાં જઈને જે કોઈ વ્યક્તિ ઉછીના પૈસા આપી શકે તેવી લાગે તેને બાપુ વાત કરતા. હું 'નમસ્તે' કહીને મારી માર્કશીટ અને ઍડ્મિશનનો કાગળ બતાવતો. દરેક વ્યક્તિ મારી સફળતા જોઈને ખુશ થતી અને શાબાશી આપતી, પણ પૈસા તો કોઈ કરતાં કોઈએ ન આપ્યા. બાપુ માગતા પણ દરેક વ્યક્તિ કંઈ ને કંઈ બહાનું કાઢીને પૈસા આપવાનું ટાળતી. દરેકને થતું કે આ પૈસા કોને ખબર ક્યારે પાછા મળે! આમ ને આમ છેક સૂરજ ઢળવાનો વખત થવા આવ્યો. સાંજ પડવા માંડી. અમે બાપ-દીકરો થોડા ઢીલા પડી ગયા હતા.

'હવે શું થશે?' એ પ્રશ્ને ફરીથી અમારા મગજમાં હથોડા મારવાનું શરૂ કરી દીધું. અમે થોડીક વાર સોનગઢના બસસ્ટેન્ડ પર મૂગા મૂગા બેસી રહ્યા. હાથમાં આવેલી બાજી હારી જતી વેળા માણસને જે વેદના થાય તેની સ્પષ્ટ રેખાઓ મારા બાપુના ચહેરા પર ઊપસી રહી હતી.

આખી જિંદગી જેણે સાઈકલ પર ફેરી કરી હોય તે માણસના હાથમાં આવેલો સોનાનો કોળિયો ઝૂંટવાઈ જતો લાગે ત્યારે કેવું અને કેટલું દુઃખ અનુભવાય તે તો એ જ જાણી શકે, જેના પર આવી વીતક વીતી ચૂકી હોય!

જેમ દિવસ તેના ક્રમ મુજબ ઢળી ગયો તેમ સાંજ પણ હવે ધીમે ધીમે રાત્રિનું સ્વરૂપ લઈ રહી હતી. ઉનાળાના દિવસોમાં સાંજ થોડી લાંબી હોય છે. આછું આછું અંધારું થવા લાગ્યું. બાપુએ નિઃસાસો નાખ્યો. એમનામાં હવે સાઈકલ ચલાવવાની પણ હામ નહોતી રહી. અમે બન્નેએ ધીમે ધીમે અમારા ગામની વાટ પકડી. અમારું ગામ સોનગઢથી ફક્ત બે જ કિલોમીટર દૂર છે. કંઈ પણ બોલ્યા વિના પણ અમે લોકો ઘણી બધી વાત કરી શકતા હતા.

સમય અભિવ્યક્તિની બધી પરિભાષા માણસને શીખવી જ દેતો હોય છે. અમે પણ એકબીજાના ભાવ સમજી-વાંચી શકતા હતા. નિરાશા અનુભવતું મારું મન વારંવાર દાદીમાના શબ્દો યાદ કરતું હતું. ''સૌ સારાં વાનાં થશે!' પછી મનોમન જ સવાલ ઊઠતો હતો કે, 'શું ખરેખર સૌ સારાં વાનાં થશે?' સાંજના ઊતરી રહેલા ઓળા તો એવું કંઈ સૂચવતા હોય તેવું લાગતું ન હતું.

સોનગઢ ગામ પૂરું થયા પછી રાજકોટ જવાના રોડ પર દક્ષિણ તરફ પાલિતાણા જવાનો રસ્તો ફંટાય છે. એ વિસ્તારમાં ઘણાં બધાં જૈન કુટુંબો રહે છે. હતોત્સાહ એવા અમે બાપ-દીકરો ત્યાંથી નીકળ્યા એ જ વખતે હિંમતભાઈ નામના એક ભાઈ ત્યાંથી નીકળ્યા. મારા બાપુને જોતાં જ તેમણે બૂમ પાડીને અમને ઊભા રાખ્યા. બોલ્યા, 'કેમ કાસમ! આજે આમ ચાલતો ચાલતો કેમ જાય છે?'

અમે બધા બહુ ગરીબ હોવાથી

મારા બાપુને એ કાળે સૌ તુંકારે જ બોલાવતા. હવે તો બધા કાસમભાઈ કહીને બોલાવે છે, તે જુદી વાત છે. અમને સમયે બહુ સારી રીતે શીખવ્યું છે કે પૈસામાં આદર ખરીદવાની ભરપૂર શક્તિ રહેલી છે.

'બસ, એમ જ!' જવાબમાં મારા બાપુએ ટૂંકામાં જ પતાવ્યું.

'મજામાં તો છે ને?' હિંમતભાઈએ સાહજિકપણે બીજો સવાલ કર્યો.

'હો... વે! મજામાં જ છું!' બાપુએ આટલો જવાબ ઉપલક મને જ દીધો. પછી અમે આગળ ચાલવાની તૈયારી કરી. હજુ થોડે દૂર જ ગયા હોઈશું, ત્યાં તો પાછળથી હિંમતભાઈએ બૂમ પાડીને પાછા બોલાવ્યા. કહ્યું, 'અરે કાસમ! એક મિનિટ જરા થોભી જા ને! અને આ તારી સાથે છે તે તારો દીકરો એ જ છે ને, જે બોર્ડમાં સારા નંબરે પાસ થયો છે?'

'હા! એ જ છે!'

'અરે, તો તો પાછો ફર અને ચાલ મારી સાથે'. હિંમતભાઈ

ઉત્સાહમાં આવીને બોલતા હતા: 'અને એના માર્ક્સનો કાગળ કે કૉપી એવું કંઈ તમારી પાસે હોય તો સાથે લઈ લો.'

'હા, ચાલો! બાપુએ પાછા ફરતાં ટૂંકો જવાબ આપ્યો. આવું બધું તો આજ સાંજ સુધીમાં દસેક વાર અમારી સાથે બની ચૂક્યું હતું.

અમે હિંમતભાઈ સાથે ચાલ્યા. તેમણે મારા હાથમાં રાખેલા કાગળો જોયા. જોતાં જ તેમણે આશ્ચર્ય વ્યક્ત કર્યું: 'અરે ભલા માણસ! તું તો વાતેય નથી કરતો કે તારા દીકરાને મેડિકલમાં ઍડ્મિશન મળી ગયું કે નહિ?'

'આજે સવારથી બધાને વાતો કર્યા કરતો હતો. પછી અત્યારે કંટાળીને તમને વાત કરવાનું ટાળ્યું હતું!' મારા બાપુએ જવાબ આપ્યો.

'જો, તારા દીકરાએ મારે ઘરે આવેલ એક મહેમાનને આજે જ મળવાનું છે. મારે ઘરે પુનાથી એક મોટા ઉદ્યોગપતિ આવ્યા છે. એમની સાથે આ છોકરાની મુલાકાત કરાવવી છે. એક સાવ ગરીબ ઘરનો છોકરો બારમા ધોરણમાં આવું સરસ પરિણામ લાવે અને મૅરિટ પર મેડિકલમાં ઍડ્મિશન મેળવી શકે એ જાણીને એમને ખૂબ આનંદ થશે. આમેય તારે આના માટે કંઈક સહાયની પણ જરૂર તો પડશે જ ને!' આટલું કહીને મારા સર્ટિફિકેટની કૉપીમાંથી માથું ઊંચું કરીને હિંમતભાઈએ મારા બાપુ સામે જોયું અને બાપુનો ચહેરો જોતાંવેંત એ અનુભવી મહાજનને એટલું સમજતા જરાય વાર ન લાગી કે 'કાસમને સહાયની જરૂર પડશે એમ નહિ, જરૂર તો પડી જ ચૂકી છે!'

આગળ કોઈ કંઈ ન બોલ્યું. અમે ઉતાવળે હિંમતભાઈના ઘરે પહોંચ્યા. એમને ત્યાં પુનાવાળા પેલા શેઠ ફળિયામાં બાંધેલા હીંચકા પર બેઠા હતા. એમને નમસ્તે કરીને અમે બાપ-દીકરો બાજુમાં મૂકેલા બાંકડા પર બેઠા.

હિંમતભાઈએ ઉત્સાહપૂર્વક મહેમાનને બધી વાત કરી. પેલા શેઠે મારાં સર્ટિફિકેટ અને ઍડ્મિશનના કાગળો જોયા. એમનો ચહેરો આનંદથી ખીલી ઊઠયો. મને તેમની પાસે બોલાવ્યો અને પીઠ થાબડીને અભિનંદન આપ્યાં. ખિસ્સામાંથી રૂપિયા ત્રણસો કાઢીને મારા હાથમાં મૂક્યા. હું અને મારા બાપુ સ્તબ્ધ થઈને ઊભા જ રહી ગયા. જે રકમને પ્રાપ્ત કરવા માટે અને બબ્બે દિવસથી ઝાવાં નાખતાં હતાં તેને એક અજનબીએ અમારા કોઈ પણ જાતના પ્રયત્ન વગર અમારા હાથમાં ધરી દીધી હતી.

મારી મૂંઝવણ પારખી ગયેલા એ શેઠ બોલ્યા, 'જો દીકરા! આ પૈસા તું મહેનત કરીને સારી રીતે પાસ થયો તેના મને થયેલા હરખના આપ્યા છે! એટલે એ તારે ક્યારેય પાછા નથી આપવાના. પણ તું મોટો થા, ભણી-ગણીને મોટો ડૉક્ટર બને ત્યારે આવા જ કોઈ ગરીબ વિદ્યાર્થીને આ રીતે જ મદદ કરવાનું વચન આપ. હવે પછી દર છ મહિને તારે મને કાગળ લખવાનો. તારું બોનાફાઈડ સર્ટિફિકેટ મને મોકલવાનું અને હું તને નિયમિત રીતે તને જોઈતાં નાણાં મોકલતો રહીશ. આ મારું કાર્ડ રાખ. એમાં મારું સરનામું છે.'

એમણે મને એમનું કાર્ડ આપ્યું અને હસતાં ચહેરે વિદાય આપી. અમારા પર ઉપકાર કર્યાની એક હલકી-સી રેખાય એમના નિર્દોષ ચહેરા પર અમને છેક સુધી જોવા ન મળી તે ન જ મળી!

ઘરે જવા માટે હવે અમારા પગમાં પૂરી તાકાત આવી ગઈ હતી. મેં ભગવાનને કે એવી કોઈ પણ અદૃશ્ય શક્તિને ક્યારેય જોઈ નથી કે અનુભવી નથી, પણ આપણને જ્યારે મદદની જરૂર હોય ત્યારે કોઈ ને કોઈ રીતે આપણને મદદ મળી જ રહેતી હોય છે એવું તે વખતથી પ્રતીત થતું રહ્યું છે. અમે બાપ-દીકરો તો જાણે પગ નીચે કઠણ અને ખરબચડી જમીન નહિ, પણ પોચાં રૂનાં વાદળાં પર ચાલી રહ્યા હોઈએ એવું અનુભવતા હતા.

ઘરે પહોંચ્યા ત્યારે અંધારું પૂરેપૂરું જામી ચૂક્યું હતું. બધાં અમારી વાટ જોતાં બેઠાં હતાં. આજે વાળુ તો તૈયાર હતું, પણ કોઈએ અન્નનો દાણોય મોંમાં નાખ્યો નહોતો. અમે બધાંને અમારી વાત કરી ત્યારે આખા ઘરમાં ખુશીની એક લહેર દોડી ગઈ.

જાણે આજે જ ઍડ્મિશન મળી ગયાનો સાચો આનંદ બધાંએ માણ્યો હોય તેવું લાગતું હતું. હાસ્યને જાણે કોઈએ જાદુઈ દાબડીમાંથી બહાર કાઢીને છૂટું મૂકી દીધું હતું. ઘરનો દરેક ખૂણો તાણમુક્ત અને હાસ્યસભર બની ગયો હતો. બધાંએ સાથે મળીને વાળુ કર્યું. બાપુએ ફરીને બધાંને માંડીને વાત કરી. એક પ્રકારની શાંતિ છવાઈ ગઈ. થોડીક વાર સુધી કોઈ કંઈ બોલી શકયું નહિ. પછી ધીરેથી દાદીમાએ જ મૌન તોડયું, 'હું નહોતી કહેતી કે ઉપરવાળો સૌ સારાં વાનાં જ કરશે. કર્યાં ને!?!'

ઉલ્લેખનીય છે કે મારા જ જીવનમાં ઘટેલી આ સત્ય ઘટના છે અને હું એમ.બી.બી.એસ. ડૉક્ટર થઈ ગયો ત્યાં સુધી પુનાવાળા એ માનનીય શેઠશ્રી તરફથી મને નિયમિત રીતે સહાય મળતી રહેલી.

*(ટકોર : જો જો થોડાં વર્ષો પછી ત્યારના ઘણા મહાનુભાવો આવો અનુભવ જેજેસી-ચૅરિટેબલ ટ્રસ્ટ માટે લખશે. – તંત્રી)*

# આત્મહત્યા કે આપઘાત ?

■ મહેન્દ્ર ધ્રુવ (સેક્રેટરી : જેજેસી-તાડદેવ)

તાજેતરમાં બહેનોમાં આપઘાતના કિસ્સા વધતા જાય છે. પુરુષોમાં પણ થોડાઘણા આવા બનાવો બનતા હોય છે, પણ બન્નેના કિસ્સાઓમાં કારણ સાવ જુદાં જ હોય છે. અગાઉના જમાનામાં આવા કિસ્સા ગામોમાં બનતા, પણ હવે મોટાં શહેરોમાં પણ આવા બનાવો રેગ્યુલર બનતા જાય છે.

વિદેશોમાં આવા કિસ્સા બહુ જ ઓછા પ્રમાણમાં સાંભળવા મળે છે તેનું મુખ્ય કારણ સ્ત્રીઓ સ્વચ્છંદી અને સાચા-ખોટા નિર્ણયો લઈને પણ આપઘાતનો વિચાર નથી કરતી. આપણે એ પણ જાણીએ છીએ કે વિદેશોમાં દીકરા-દીકરી પોતાની જાતે જ જીવનસાથી શોધીને લગ્ન કરે છે. સંતાનો મોટાં થાય એટલે સ્વતંત્ર થઈ જાય છે અને તેઓને પોતાનું જીવન ઘડવાનું હોય છે.

લગ્નજીવન પછી કોઈ પણ કારણસર બન્ને વચ્ચે કાંઈ ખટરાગ હોય તો બન્ને છૂટાં પડી જાય છે. લાગણી કે જવાબદારીને બહુ મહત્ત્વ નથી અપાતું. બન્ને સમજૂતીથી છૂટાં પડી જાય તો ઠીક છે, નહિતર કાયદેસર છૂટાછેડા લેવામાં બહુ તકલીફ પડતી નથી. કદાચ આ પણ એક કારણ હોઈ શકે જેથી ત્યાં આપઘાતના બનાવો નહિવત્ હોય છે.

આપણે ત્યાં સ્ત્રીઓના આપઘાતના કિસ્સા-બનાવોની છણાવટ કરીએ તો મુખ્ય ત્રણ-ચાર કારણો હોય છે જેનો ઉકેલ સમાજ લાવી શકે છે, પણ આવાં લફરાંમાં કોણ પડે એમ મન મનાવીને થોડા સમયમાં બધા ભૂલી જાય છે. આપણે ત્યાંની સંસ્થાઓ યુવામેળો, સમૂહલગ્ન, ગરીબોને દાન વગેરે કાર્યો કરે છે અને તે સારું છે, પણ હવે સમાજ અને સંસ્થાએ મળીને એવી કોઈ યોજના કે પ્રયોગ હાથમાં લેવા જોઈએ જેનાથી અકુદરતી મૃત્યુથી બનતા બનાવોની સંખ્યા ઓછી થાય. લખવું અને બોલવું બહુ જ સહેલું છે, પણ આવી યોજના કરવામાં ઘણી મુશ્કેલીઓ છે તે સમજી શકાય, પણ અશક્ય નથી!

સ્ત્રીઓના આપઘાતમાં મુખ્ય કારણોમાં સૌપ્રથમ માનસિક નબળાઈ આવે છે. કારણ વૈજ્ઞાનિક છે, પણ તેનો ઉકેલ બહુ અઘરો નથી. આવી બહેનોને તેનાં પતિ, સાસુ-સસરા, મા-બાપ અને મિત્રો સમજીને યોગ્ય વ્યવહાર કરે તો ઘણો સુધારો જોવા મળેલ છે, પણ જો બધાં સગાં આ સમય દરમિયાન નકારાત્મક વ્યવહાર રાખે તો પરિણામ ખરાબ આવવાની પૂરી શક્યતા છે. આવી પરિસ્થિતિમાં યોગ્ય માર્ગદર્શન આપવા ઘણા સારા ડૉક્ટરો છે, પણ જો સમાજની બહેનો જે અનુભવી હોય છે તેઓ આમાં આગળપડતો ભાગ લઈને મહેનત કરે તો જરૂરથી નક્કર પરિણામ આવી શકે. આવી બહેનો માટે શરૂઆતમાં એકાદ ટ્રેનિંગ પ્રોગ્રામ સારા ડૉક્ટર પાસે પણ કરી શકાય. જરૂર પડે તો આ માટે માનસિક બીમાર સ્ત્રીના ઘરે જઈને તેના કુટુંબીજનોને પણ સમજાવી શકાય. આવા પ્રયોગથી જરૂર સફળતા મેળવી શકાય.

ત્યાર પછી આવે કરિયાવર માટેના ઝઘડા, જેમાં સ્ત્રીનો પતિ પણ તેના કુટુંબ સાથે સામેલ હોય છે. અમુક કોમમાં ખૂબ જ પૈસા હોય તોપણ આવેલ વહુએ અમુક કરિયાવર તો લાવવો જ જોઈએ એવી અપેક્ષા હોય છે. ધીરે ધીરે આ બાબત ઉગ્ર સ્વરૂપ ધારણ કરે છે. ખાસ કરીને સાસુ એવાં મહેણાં મારે જે સ્ત્રી સહન કરી શકતી નથી.

આવા કિસ્સામાં સ્ત્રીને તેના પતિની હૂંફની જરૂર હોય છે, પણ પતિ જ નમાલો હોય અને તે તેના કુટુંબીજનોને સમજાવી ન શકતો હોય ત્યારે વાત વધી જાય છે અને ઘણી વખત સ્ત્રીને માર પણ પડે છે. જે સ્ત્રી પર આવા અત્યાચાર થતા હોય તેણે ચૂપ નહિ રહેતાં વહેલી તકે તેનાં મા-બાપને જાણ કરવી જોઈએ, જેથી કાંઈક રસ્તો નીકળી શકે. ઘણી બહેનો આવી પરિસ્થિતિમાં બધું પોતાના મનમાં રાખે છે અને ખાસ કરીને પોતાના કુટુંબની આબરૂ જશે એવા વિચારથી અજુગતુ પગલું ભરવા તરફ પ્રેરાય છે.

તાજેતરના એક બનાવમાં એવું જાણવા મળેલ છે કે પૈસા માટે સસરા પક્ષના ફૅમિલી મેમ્બર રોજ સ્ત્રીને મારતા જે બિલ્ડિંગમાં તથા આજુબાજુના રહેવાસીઓ જાણતા હતા. સ્ત્રીએ પ્રેમલગ્ન કર્યાં હોવાથી તેનાં મા-બાપને જણાવતી નહોતી અને એક દિવસ વધુપડતી જીભાજોડી થવાથી ખૂબ જ બળજબરી કરીને મારી નાખી. આજુબાજુમાં રહેતા તથા બિલ્ડિંગમાં રહેતા લોકોએ ખૂબ જ ચીસાચીસના અવાજ સાંભળેલ, પણ પોલીસ અને ડરને લઈને સ્ટેટમેન્ટ આપવા કોઈ તૈયાર નથી. કોઈ વખત આવું સ્ટેટમેન્ટ આપે તોપણ ગુનેગાર એવા તગડા વકીલને રોકે જે આવા સાક્ષીઓને કોર્ટમાં ગમે તેવા સવાલો કરીને ખોટા સાબિત કરે અને આખરે કોઈને સજા ન થાય. આવા કિસ્સામાં સમાજે કાંઈક કરવું

જોઈએ.

થોડા એવા બનાવો પણ પ્રકાશમાં આવેલ છે જેમાં પતિ બીજી છોકરીઓ સાથે અનૈતિક સંબંધ રાખતો હોય. રોજ રાત્રે દારૂ પીને ઘરે મોડો આવતો હોય. પત્ની સમજાવવાના ખૂબ જ પ્રયત્નો કરતી હોવા છતાં કોઈ પરિણામ ન આવે અને દિવસે દિવસે આ આદત વધતી હોય તેવા સંજોગોમાં ઘણી નરમ સ્ત્રીઓ આત્મહત્યાનો માર્ગ લે છે. આવા સંજોગોમાં પતિનાં મા-બાપ લાચાર હોય છે, પણ સ્ત્રીનાં મા-બાપ પોતાની દીકરીને ઘરે લઈ આવે તો સમય જતાં કાંઈક રસ્તો નીકળે. આવા સમયે આબરૂ અથવા સમાજનો ડર રાખવો યોગ્ય નથી.

પુરુષોના કિસ્સાઓમાં ખાસ કરીને ગરીબી, દેવું અથવા બીમારીનાં કારણો જાણવા મળ્યાં છે. ગરીબી માટેના રસ્તા જરૂરથી નીકળી શકે અને આ માટે ઘણી સંસ્થાઓ સેવા પણ આપે છે. તેમ છતાં આબરૂના ઓઠા હેઠળ દાન સ્વીકારવા તૈયાર ન હોય ત્યારે આવી ઘટના બને છે.

ખૂબ પૈસા કમાવાની લાલચમાં વગરવિચાર્યે અને અનુભવ વગર જે સાહસ ખેડવામાં આવે છે તેમાં નિષ્ફળ જતા, કોઈ રસ્તો ન નીકળતા આત્મહત્યાના બનાવો બને છે. આવા સમયે પત્ની સમજુ હોય અને આટલા બધા પૈસા ક્યાંથી આવે છે તે જાણવાની કોશિશ કરે તો તે જરૂરથી પોતાના પતિને સમજાવી શકે છે અને જરૂર પડે સારા મિત્રોની સલાહ લઈને આવા બનાવો રોકી શકે છે.

એક ડ્રાઈવર હાઈવે પર ટ્રક ચલાવતાં ટ્રકમાં ખામી હોવાથી કે તેની ભૂલના કારણે અકસ્માતથી રસ્તે ચાલતા રાહદારીનું મૃત્યુ થઈ જાય છે. સૌપ્રથમ તો માણસો ભેગા થઈને ડ્રાઈવરને માર મારીને અધમૂઓ કરી નાખે છે અને ત્યાર બાદ પોલીસ દ્વારા તેના પર કાયદેસર પગલાં લેવામાં આવે છે અને તેને સજા પણ થાય છે. જ્યારે એક સ્ત્રી લગ્ન પછી એક નવું જીવન ઘણાય અરમાનો સાથે શરૂ કરે છે. તેને જરાસરખો પણ આપઘાતનો વિચાર નથી હોતો. ઊલટાનું આવા સમાચાર કોઈ વખત સાંભળે ત્યારે અરેરાટી થતી હોય છે. આવી સ્ત્રી જ્યારે આપઘાત કરે ત્યારે એક જ વિચાર આવી શકે કે તેના માથે એવા દુઃખના કેટલા પહાડો તૂટયા હશે કે તેણે આવું અતિભયંકર પગલુ ભર્યું! શું તેને કોઈએ તેના દુઃખમાં મદદ નહિ કરી હોય? આવા ઘણા પ્રશ્નો ઉપસ્થિત થાય છે, પણ આપણને કોઈને વિચારવાનો સમય નથી.

એક વાત બહુ જ વિચાર મૂકી જાય છે. ટ્રકડ્રાઈવરથી અકસ્માતને આપણે આપઘાતમાં સરખાવીએ છીએ, જ્યારે એક સ્ત્રીના અકુદરતી મૃત્યુને આત્મહત્યા કે આપઘાત કહેવામાં આવે છે. આવા દરેક મૃત્યુ માટે કોઈક તો જવાબદાર હોવું જરૂરી છે, તો આ માટે જવાબદાર કોણ? મા-બાપ, ભાઈ-બહેન, પતિ, સાસુ-સસરા, નણંદ, દેરાણી, જેઠાણી કે પછી અન્ય કોઈ? આમાંના કાંઈકને તો સજા થવી જોઈએ ને...!!

---

## પત્રસેતુ

પ્રતિ,
શ્રી જિતુભાઈ, શ્રી કિશોરભાઈ તથા શ્રી કિરણભાઈ,

થોડા વિચારો નીચે મુજબ લખ્યા છે, યોગ્ય લાગે તો અમલમાં મૂકશો.

૧) જે વિદ્યાર્થીને આપણે લોન આપીએ છીએ તેના વડીલ દારૂ, સિગારેટ અથવા તંબાકુના વ્યસની ન હોવા જોઈએ. આથી આપણા સમાજ માટે એક વધુ સારુ કાર્ય થશે.

૨) વિદ્યાર્થીના વડીલ કોઈ પણ ક્રિમિનલ કેસમાં ઈન્વોલ્વ ન હોવા જોઈએ.

૩) વિદ્યાર્થીના વડીલ જુગાર, મટકા અથવા ક્લબ ચલાવતા ન હોવા જોઈએ.

૪) જે વિદ્યાર્થીને લોન આપીએ તેણે પ્રતિજ્ઞા લેવી જોઈએ કે જૈન ધર્મનો હ્રાસ થાય તેવું કાંઈ જ કરશે નહીં. દા.ત.: દારૂ, જુગાર, કંદમૂળ વગેરેથી દૂર રહેશે.

કદાચ સવાલ એ થશે કે વડીલના વાંકે જરૂરિયાતવાળા વિદ્યાર્થીને લોન આપવામાં શો વાંધો? જો વડીલ આવા કાર્યમાં પૈસા વેડફી નાખતા હોય અને જો તેણે આ વેડફેલ પૈસા સાચવ્યા હોત તો આજે તેને લોનની જરૂર ન પડત. જૈન કુળમાં જન્મ લીધો હોય તેણે અમુક નીતિ-નિયમ પાળવાં જરૂરી છે.

■ *મહેન્દ્ર ધ્રુવ (સેક્રેટરી : જેજેસી-તારદેવ)*

શ્રી મહેન્દ્રભાઈ ધ્રુવે જેજેસી-તારદેવના સેક્રેટરીપદે રહી બહુ જ સેવા આપી છે. તેમની વૈચારિક ટકોર કાયમ રચનાત્મક રહી છે. એજ્યુકેશન અભિયાનસંબંધી તેમની ટકોર તેમના છેલ્લા સમય દરમિયાન આવી. કદાચ અમલમાં મૂકી શકાય કે ન મૂકી શકાય, પણ વિચારણો તો માગી જ લે છે. જેજેસી તેમની ખોટ અનુભવી શ્રદ્ધાંજલિ અર્પે છે. *— તંત્રી*

ચીમકી

## વધતા વહેવારો, કેટલા યોગ્ય ?

■ હેમા ભાવેશ શાહ (જેજેસી-ગોલ્ડન ગારોડિયા)

હમણાં હમણાં છેલ્લાં ૨-૩ વર્ષથી અમુક નવીનવી પ્રથા પડવાની શરૂઆત થઈ છે. જે વિદ્યાર્થીની પરીક્ષા હોય તેનાં સગાં-વહાલાં, મિત્રો, મિત્રોનાં મમ્મી-પપ્પા વગેરે 'બેસ્ટ ઑફ લક' માટે ફોન કરે, રૂબરૂ આવે, સાથે કોઈક ગિફ્ટ (ભેટ) પણ આપે. ત્યાર બાદ વિદ્યાર્થી પરીક્ષામાં સારા માર્ક્સે પાસ થાય એટલે હરખ કરવા લોકો આવે ત્યારે ભેટ અથવા કવર લેતા આવે અને વિદ્યાર્થીના વાલી ખુશાલીમાં પેંડા-બરફી વહેંચે. એ કબૂલ કે સારા માર્ક્સની ખુશાલીમાં પેંડા-બરફી વહેંચાય તે યોગ્ય છે, પરંતુ સામે છેડે આવનારાં ભેટ-કવર આપીને વહેવાર વધારતા જ જાય છે. દેખાદેખી અને મજબૂરીવશ સામાન્ય માણસોને પણ આ બધામાં ખેંચાતા જવું પડે છે. એક તરફ આપણે (હા, આપણે જ) મોંઘવારી-બેકારીની બુમરાણ મચાવતા હોઈએ અને બીજી તરફ આવા બિનજરૂરી વ્યવહાર-ખર્ચા વધારી સમાજના નબળા લોકોને લઘુતાગ્રંથિ બંધાય અથવા આર્થિક-શારીરિક ઘસારો થાય તેવા કાર્ય કરીએ, કેવી વિચિત્રતા ? ? ?

હવે આવનારા દિવસોમાં આપણા પર્યુષણ પર્વનો પ્રારંભ થશે. ઘરેઘરે તપશ્ચર્યા આરંભાશે, લોકો ધર્મમય બની જશે. તપસ્વીઓની 'શાતા' પૂછવા માટે લોકો ફોન કરશે અથવા દૂરદૂરથી પ્રવાસ કરીને રૂબરૂ મળી શાતા પૂછશે. તપસ્વીઓને કદાચ સારું પણ લાગશે, પરંતુ ધીમેધીમે પણ કદાચ થોડી અશાતા થશે, કારણકે વ્યવહાર સાચવવા શાતા પૂછવા આવનાર સ્થળ-સમયનું ધ્યાન રાખ્યા વગર ગમે ત્યારે આવી ચઢે, ફોન કરે! ત્યાર બાદ તપશ્ચર્યાની પૂર્ણાહુતિ નિમિત્તે તેની ઉજવણીરૂપે સાંજી રાખવામાં આવશે ત્યારે લોકો ભેટ-ચાંદલો આપશે અને સામે તેમને પ્રસાદીરૂપે 'લહાણી' આપવામાં આવશે. પર્યુષણ પર્વ છે, વર્ષમાં એકવાર જ આવે છે, આખા વર્ષમાં કરેલાં પાપકર્મો-સઘળાં કર્મોનું પ્રાયશ્ચિત્ત કરવાનો મોકો આપે છે. શુદ્ધભાવથી ધર્મ આરાધીયે, કર્મોની નિર્જરા કરીએ, પ્રભુભક્તિ કરીએ એ સર્વથા ઉચિત છે, પરંતુ તપસ્યાની અનુમોદનાને નામે આપણે વ્યવહાર કેટલો વધારી રહ્યા છીએ ? આજે ફોનથી કે રૂબરૂ શાતા પૂછવી એ બધું વ્યવહારના ભાગરૂપ બની ગયું છે. જેઓ શાતા પૂછવા ન આવે, ભૂલી જાય કે ન આવી શકે તેવે વખતે થોડોઘણો 'ધોખો' પણ થાય છે. સાંજી રાખવી, ભેટ-ચાંદલા લેવા અને લહાણી કરવી એ તો લેવું અને દેવું એટલે વ્યવહાર-વેપાર થયો તે કેટલે અંશે યોગ્ય છે? જેમણે લહાણી કરવી છે તેમણે કોઈનાં ભેટ-ચાંદલો લેવાં જ ન જોઈએ, કારણકે તેમને ત્યાં આવનારા લોકો પોતાનાં સમય-શક્તિ ખર્ચીને આવ્યા છે એટલું જ બસ છે તેમ સમજવું જોઈએ. આટલી મોંઘવારીના જમાનામાં સાધારણ માણસોના ઘરે તપસ્યા થાય છે તે પણ શક્તિ હોય કે ન હોય, દેખાદેખીમાં આર્થિક-શારીરિક ઘસારો ખાઈને પણ આ બધું કરે છે. આજના સતત હરીફાઈભર્યા યુગમાં, ભારેખમ ભણતરના બોજ હેઠળ દબાઈ રહેલાં આપણાં સંતાનોના ભલા માટે પણ આપણે આ બધી બાબતોનો વિવેકપૂર્ણ વિચાર કરવો જોઈએ. આફ્ટર ઓલ આ વ્યવહારો પાછળ ખર્ચાતાં સમય-શક્તિ એ આપણા જ સમાજનું નુકસાન છે. તેને અટકાવી યોગ્ય રસ્તે વાળવું જોઈએ. બિનજરૂરી ઉજવણી ઓછી કરી તે ધન જીવદયા, સાધર્મિક ભાઈ-બહેનોને મદદ, સમાજનાં બાળકોના શિક્ષણકાર્ય વગેરેમાં વાપરવું જોઈએ. એક પ્રગતિશીલ-બુદ્ધિશાળી સમાજ તરીકે આપણી ભાવિ પેઢીને આપણી પાસેથી યોગ્ય માર્ગદર્શન મળવું જોઈએ, તો જ સમાજ સુખી-સમૃદ્ધ થશે.

## 'અનાવશ્યક કામ નહીં કરવાનું' વર્ષીતપ

અક્ષયતૃતીયા-અખાત્રીજ જૈનોનું મહત્ત્વનું ધાર્મિક પર્વ દર વર્ષે આવે છે. આ દિવસે જૈનો વર્ષીતપ જેવા મહાન વ્રતનું પારણું કરે છે. આ વર્ષીતપમાં આખા વર્ષ સુધી એકાંતર ઉપવાસ કરવાના હોય છે. આત્મશુદ્ધિ માટેનો આ બહુ જ સુંદર ઉપક્રમ છે. પણ બધા લોકો આવું વિકટ તપ ન કરી શકે, એમને માટે બહુ સહેલું તપ છે વર્ષભરમાં અનાવશ્યક કામ નહીં કરવાનું તપ. આપણે સવારથી રાત સુધીમાં કેટલાંય બિનજરૂરી કામ કરતાં હોઈએ છીએ. જે પાપકારી સાવદ્ય પ્રવૃત્તિ હોવાથી પાપકર્મનો બંધ થાય છે. આનાથી બચવા નીચેના સંકલ્પો કમ સે કમ એક વર્ષ માટે કરવા જોઈએ.

૧) અનાવશ્યક બોલવું નહીં. નિરર્થક બોલબોલ કરવાથી શક્તિ વેડફાય છે. માટે વાણીસંયમનો પૂરો વિવેક રાખવો.

૨) અનાવશ્યક યાત્રા ન કરવી.

૩) વાતવાતમાં ગુસ્સો ન કરવાનો અને રિસાઈ ન જવાનો સંકલ્પ કરવો. ''એક વર્ષ માટે હું રોષ અને રીસ કરવાનો ત્યાગ કરું છું.'' આવું વ્રત ગ્રહણ કરવાથી પોતાના અને પરિવારજનોનાં જીવનમાં શાંતિ, આનંદ અને મધુરતા વ્યાપી જશે.

૪) અનાવશ્યક ચીજો ન ખાવી. શરીરનું એન્જિન ચાલુ રાખવા માટે આવશ્યક એવા ભોજન સિવાય નકામી (junk) ચીજો ખાવા પર સંપૂર્ણ સંયમ રાખીશ. ૨૪ કલાકમાં ચાર કે પાંચથી વધુ વખત ભોજન, નાસ્તો વગેરે નહીં લઉં.

આ અદ્‌ભુત વર્ષીતપ એવું છે જે એકાંતરને બદલે રોજ કરી શકાય. વળી આ તપનું પારણું કરવાની પણ જરૂર નથી. એક વર્ષ પછી જીવનમાં અનેરો આનંદ છવાઈ જાય તો આજીવન માટે કરી શકાય!

■ *સંગ્રાહક : રોહિત કેનિયા (જેજેસી-વિલે પાર્લે)*

## BIO DATA

Name : **PRATIK ASHVIN BAVISHI**
Bd./Bt./Bp. : 3-1-1986 / 9.11 a.m. / Baroda
Ht. / Wt. : 5'-10" / 68 Kg.s
Cast : Zalawadi Dasha Shrimali Derawasi Jain
Native : Chuda (Chokdi)
Education : B.E. (I.T.) From VJTI, M.B.A. (Finance) from Jamnalal Bajaj, Appearing for Level III C.F.A. (USA)
Occupation : Working with TATA Capital Ltd. As a Research Analyst-Institutional Equities
Email : pratik9999@gmail.com
Gr. Father : Lt. Rasiklal Anupchand Bavishi
Gr. Mother : Kusumben Rasiklal Bavishi
Father : Ashvin Rasiklal Bavishi, C.A.
Mother : Rita Ashvin Bavishi
Sister : Pooja Ashvin Bavishi, C.A. (Younger)
Uncle : Vipul Rasiklal Bavishi
Mosal : Mohanlal Keshavlal Gandhi
Residence : C/301, Sai Raj Garden, Irani Wadi Road No. 3, Kandivali (W), Mumbai-400 067.
Contact : 9223410924 / 28010924
Email : ashvinbavishi@gmail.com

ADVT

## BIO DATA

Name : **VIRAL MUKESH MEHTA**
Bd./Bt./Bp. : 26-4-1982 / 10.06 p.m., California, USA
Ht./Wt. : 5'-3" / 62 Kg. * **Complexion :** Fair
Education : Bachelor of Sci. in Computer Sci. (University of California-San Diego (2000-2005) Post-Grad. MBA, San Diego State University, (2010-Present)
Employment : Lead Software Engineer in Research & Development of New Products (2006-current) Sony Network Electronics Incorporated Rancho Bernardo, CA USA
Email : rupamehta211@gmail.com
Father : Mukesh Mahendrakumar Mehta (Mech.Eng.)
Mother : Rupa Mukesh Mehta (Biochemical Engineer)
Sister : Sonal Mehta (Younger) (Medical Billing and Coding Manager)
Address : Mukesh Mehta,
2286 Jade Court, Fremont, CA 94539
Viral Mehta,
17540 Hada Drive, San Diego, CA 92127
Contact : 001-5104400938 (Fremont, CA), 09821921093 (Mumbai Mobile #), 02226174281 (Dhanesh Mehta), Kaka's # in Mumbai), 02812449409 (Anubhai Doshi, Fuva's # in Rajkot)
Civil Status : USA Citizen
Visiting : India in mid-December to early January

ADVT

ADVT


**Saurabh Mehta** 9769798459
**Mitali Mehta** 9920678716



# SAUMEET EVENTS

## ઇન્દ્રધનુષી સૂરો રેલાવનાર

**કોઈ પણ પ્રકારના પ્રસંગોને સંગીતમય બનાવવા જેમ કે...**

1) Hindi Concept Shows (Old & New)
2) Dandiya-Raas
3) Sangeet Sandhya
4) Lagna Prasang (Lagnageet, Mehndi, Mosal etc.)
5) Bhakti Sandhya
6) Prarthna Sabha
7) Musical Game Show

**માટે સંપર્ક કરો તથા ગીતોની રમઝટથી તમારા પ્રસંગને વધારે યાદગાર બનાવો**

**Email ID :** mehtasaurabh4u@yahoo.com
mitali.doshi2050@gmail.com

ADVT

# લગ્નઇચ્છુક યુવક-યુવતીઓની યાદી

લગ્નઈચ્છુક યુવક-યુવતીઓની યાદીમાં છપાવવા માટે નામ મોકલનાર વડીલોને ખાસ વિનંતી કે BIO-DATAમાં મોકલનારનું નામ, સહી તેમ જ ફોન નંબર/મોબાઈલ નંબર સ્વચ્છ અક્ષરમાં મોકલે. જે.જે.સી.-સેન્ટ્રલ બોર્ડની ઑફિસ દ્વારા તેઓનો સંપર્ક ટેલિફોન દ્વારા થયા બાદ જ તેમની વિગત ''જાગૃતિ સંદેશ''માં છાપવામાં આવશે. BIO-DATA મોડામાં મોડા દરેક મહિનાની ૩૦ તારીખ સુધીમાં ઑફિસમાં મળી જવો જોઈએ. મોડી Entry ત્યાર પછીના અંકમાં છાપવામાં આવશે.

## યુવતી

| નં. | નામ, જન્મતારીખ, ઊંચાઈ, અભ્યાસ, વ્યવસાય | ધર્મ, મૂળ વતન, હાલ | સંપર્ક |
|---|---|---|---|
| ૧) | ટ્વિંકલ ભરતભાઈ શાહ, ૧૩-૯-૧૯૮૫, ૫'-૩''<br>C.A., – સર્વિસ | ઘોઘારી વીસા ઓસ. જૈન<br>સિહોર – બોરીવલી | (ઘર) ૨૮૦૭૬૮૨૪<br>(મો) ૯૩૨૩૧૨૧૫૬૩ |
| ૨) | ઉન્નતિ શરદભાઈ શેઠ, ૩-૮-૧૯૮૩, ૪'-૧૧''<br>એમ.સી.એ., – બિઝનેસ | તપગચ્છ શ્વે. દેરા. જૈન<br>માંગરોળ – ઘાટકોપર | (ઘર) ૨૫૧૧૪૩૪૫<br>— |
| ૩) | મેઘા રાજેન્દ્રકુમાર શાહ, ૭-૬-૧૯૮૪, ૫'-૨''<br>B.M.S., M.B.A., – Kotak Mahindra Bankમાં સર્વિસ | વીજા. વીસા ઓ. જૈન<br>વીજાપુર – સાંતાક્રુઝ (વે) | (ઘર) ૨૬૬૦૫૧૦૪<br>(મો) ૯૩૨૨૨૨૭૫૭૧ |
| ૪) | દિશા ભરતકુમાર શાહ, ૫-૩-૧૯૮૪, ૫'-૧''<br>M.Com., – બિઝનેસ – બ્રાઈડલ મેંદી / મેકઅપ | વીસા શ્રીમાળી દેરા. જૈન<br>સુરત – ઘાટકોપર | (ઘર) ૨૧૦૨૨૮૧૨<br>(મો) ૯૮૬૯૩૧૭૬૨૩ |
| ૫) | દિપાલી બિપીનચંદ ઝવેરી, ૨૬-૪-૧૯૭૬, ૫'-૦''<br>S.S.C. – એક્યુપ્રેસર ટ્રીટમેન્ટ આપે છે (હળવો મંગળ છે) | સુરત વી. ઓ. દેરા. જૈન<br>સુરત – મુંબઈ | (મો) ૯૭૬૯૦૫૮૭૧૫<br>— |
| ૬) | ભૂમિકા સુધીરચંદ્ર શાહ, ૨૦-૧-૧૯૮૫, ૫'-૩''<br>M.Com., C.A., – સર્વિસ | દેરાવાસી જૈન<br>ભરૂચ – અંધેરી | (ઘર) ૨૬૭૭૬૨૭૫<br>(મો) ૯૮૨૦૧૨૫૧૯૯ |
| ૭) | સોનલ અશોકભાઈ મહેતા (૧૨-૫-૧૯૭૭), ૫'-૨''<br>B.Com., – કૉમ્પ્યુટર ઑપરેટિંગ-ગ્રાફિક્સ-એકાઉન્ટિંગ (ટેલી ૫.૪) | દશા શ્રીમાળી સ્થા. જૈન<br>ભુંભલી – ઘાટકોપર | (ઘર) ૨૫૦૬૨૨૨૦<br>(મો) ૯૮૯૨૦૦૨૬૬૦ |
| ૮) | દીપ્તિ ભુપતરાય ઠોસાણી, ૨૯-૫-૧૯૮૧, ૫'-૨''<br>B.Com.+Compute Telly Pursuing MBA, – સર્વિસ | દશા શ્રીમાળી સ્થા. જૈન<br>સાવરકુંડલા – મલાડ | (ઘર) ૨૮૮૩૦૩૦૮૨૭/૨૧૧૪<br>(મો) ૯૬૧૯૭૦૭૪૯૪ |

## યુવક

| | | | |
|---|---|---|---|
| ૧) | ધવલ અશ્વિનભાઈ કોઠારી, ૨૫-૬-૧૯૮૩, ૫'-૬''<br>B.A., – બજાજ કંપનીમાં સર્વિસ | દશા શ્રીમાળી સ્થા. જૈન<br>હાલ ઉપલેટા | (ઘર) ૯૫૨૮૨૬-૨૨૪૮૧૮<br>(મો) ૯૩૭૭૧૪૧૮૭૫ |
| ૨) | અંકિત પ્રમોદકુમાર શાહ, ૧૪-૩-૧૯૮૬, ૫'-૧૦''<br>M.Com., M.B.A., – ફેમિલી બિઝનેસ | વીસા પોરવાળ દેરા. જૈન<br>બિલીમોરા – સાંતાક્રુઝ | (ઘર) ૨૬૧૨૮૬૭૪<br>(મો) ૯૮૨૧૪૭૦૦૪૬ |
| ૩) | કેતન મહેન્દ્રભાઈ દોશી, ૨૯-૪-૧૯૬૩, ૫'-૭''<br>B.Com., – બિઝનેસ | ઝાલા. વીશા શ્રી. સ્થા. જૈન<br>વઢવાણ સિટી-વિલે પાર્લે | (ઘર) ૨૬૧૪૬૫૩૧<br>(મો) ૯૩૨૪૨૪૬૫૩૧ |
| ૪) | પીયૂષ પ્રેમચંદ શાહ, ૨-૧-૧૯૭૮, ૫'-૪''<br>C.A.,– સર્વિસ (સગપણ તૂટેલ છે-શનિ છે) મો. ૯૮૨૦૮૫૯૦૩૯ | હા. વી. ઓ. જૈન-જામનગર<br>તરઘરી દેવરિયા-અંધેરી | (ઘર) ૨૬૮૩૯૯૮૧<br>(ઑ) ૨૮૨૧૪૬૬૯ |

| | | | |
|---|---|---|---|
| ૫) | મનીષ મનસુખલાલ ચંદરિયા, ૨-૧-૧૯૭૭, ૫'-૮''<br>B.Com., Computer – સર્વિસ (છૂટાછેડા લીધેલ છે) | હા. વી. ઓ. જૈન-જામનગર<br>રાવલસર – ભિવંડી | (ઘર) ૦૨૫૨૨૨૨૩૧૬૩<br>— |
| ૬) | તેજસ સુરેશભાઈ શાહ, ૧૫-૧૧-૧૯૮૨, ૫'-૧૧''<br>B.E. Mechanical, PGDBM – બિઝનેસ | નવસારી વિભાગ વીસા પો.<br>નવસારી – અંધેરી | (ઘર) ૨૬૮૩૨૯૪૪<br>(ઑ) ૨૬૭૧૧૩૧૨ |
| ૭) | સોહિલ ભરતકુમાર શાહ, ૩૦-૯-૧૯૮૨, ૫'-૧૦''<br>B.E. (Electronics & Telecomunication) – બિઝનેસ | કાંઠા સત્તા. વીસા શ્રી. જૈન<br>આગલોડ – અંધેરી | (ઘર) ૨૮૩૭૦૯૧૩<br>(મો) ૯૮૬૭૨૮૩૭૦૯ |
| ૮) | જય મનીષભાઈ પારેખ, ૧૮-૨-૧૯૮૫, ૫'-૮''<br>Dip. in Professional Cabin Crew Service & Air Port Management – | દશા શ્રીમાળી સ્થા. જૈન<br>ગોંડલ – રાજકોટ | (ઘર) ૦૨૮૧-૨૪૭૩૬૯૩<br>(મો) ૯૪૨૮૨૭૬૨૫૭ |
| ૯) | કેતન ભરતભાઈ પારેખ, ૨-૭-૧૯૮૧, ૫'-૧૦''<br>M.C.A. – સર્વિસ | દશા શ્રીમાળી સ્થા. જૈન<br>ગોંડલ – રાજકોટ | (ઘર) ૦૨૮૧-૨૪૭૩૬૯૩<br>(મો) ૮૧૨૮૫૩૫૫૬૨ |
| ૧૦) | કુંજ નરેન સંઘવી, ૩૧-૮-૧૯૮૬, ૫'-૬''<br>MBA, Inter CA – સર્વિસ | દશા શ્રીમાળી સ્થા. જૈન<br>મોરબી – સાયન (ઈ) | (મો) ૯૯૩૦૦૨૬૫૯૬<br>૯૮૨૧૪૯૧૬૯૪ |
| ૧૧) | વિશાલ બિપીનચંદ ઝવેરી, ૮-૧૨-૧૯૭૩, ૫'-૬''<br>S.S.C., – ડાયમંડ એસોર્ટર-શૅરબજાર (હળવો મંગળ છે) | સુરત વીસા ઓસ. દેરા. જૈન<br>સુરત – મુંબઈ | (મો) ૯૭૬૯૦૫૮૭૧૫<br>૯૯૨૦૬૯૩૩૮૮ |
| ૧૨) | નંદીશ રજનીકાંત પટેલ, ૨-૯-૧૯૮૪, ૫'-૮''<br>B.Com., DICM, – સર્વિસ | હા. વીશા શ્રી. સ્થા. જૈન<br>પડધરી (રાજકોટ) –ભાઈંદર | (ઘર) ૨૮૧૯૧૮૫૩<br>(મો) ૯૨૨૪૩૬૩૮૬૪ |
| ૧૩) | સંકેત અજિતભાઈ શાહ, ૮-૧-૧૯૮૪, ૫'-૫''<br>B.E. (IT) Dip. in International Business, – સર્વિસ (મંગળ છે) | વી. શ્રી. શ્વે. મૂ. પૂ. દે. જૈન<br>રાધનપુર – કાંદિવલી | (મો) ૮૦૮૦૭૪૬૮૬૮<br>૯૩૨૧૨૪૪૪૫૫ |
| ૧૪) | ચિંતન જિતેન્દ્રભાઈ શાહ, ૪-૩-૧૯૮૪, ૫'-૧''<br>C.A., LLB (Gen.) (૯૯૨૦૬૮૨૧૨૧) | —<br>ઊંઝા – કાંદિવલી (વેસ્ટ) | (ઘર) ૬૬૬૮૩૧૭૯<br>(મો) ૯૮૧૯૭૬૪૪૭૫ |
| ૧૫) | નિકુંજ હેમેન્દ્રભાઈ શાહ, ૧૩-૩-૧૯૮૫, ૫'-૮''<br>MBA 2nd Year, – બિઝનેસ (હલકો મંગળ છે) | વીસા ઓસ. દેરાવાસી જૈન<br>પ્રભાસપાટણ-મુંબઈ | (ઘર) ૨૮૬૨૨૭૧૨<br>(મો) ૯૩૨૩૮૧૦૩૪૩ |
| ૧૬) | કૌશલ વિનોદભાઈ શાહ, ૧૮-૧૦-૧૯૮૧, ૫'-૮''<br>FYJC – બિઝનેસ (સગપણ તૂટેલ છે – મંગળ છે) | વીસા ઓસ. દેરાવાસી જૈન<br>પ્રભાસપાટણ – બોરીવલી | (ઘર) ૨૮૦૫૯૯૧૦<br>(મો) ૯૮૯૨૦૧૬૩૬૭ |
| ૧૭) | પ્રતીક પ્રવીણભાઈ શાહ, ૨૨-૧૧-૧૯૮૧, ૫'-૬''<br>FYJC – સર્વિસ | વિજાપુર ૨૭ વીસા શ્રીમાળી<br>લોદ્રા – મુંબઈ | (ઘર) ૨૬૮૩૫૩૮૬<br>(મો) ૯૩૨૩૩૨૫૩૧૨ |
| ૧૮) | અંકિત પ્રમોદભાઈ શાહ, ૧૪-૩-૧૯૮૬, ૫'-૧૦''<br>M.Com., MBA, – બિઝનેસ | ૨૭ વીસા પોરવાળ જૈન<br>બિલીમોરા – સાંતાક્રુઝ | (ઘર) ૨૬૧૨૮૬૭૪<br>(ઑ) ૨૨૦૬૬૨૩૬ |
| ૧૯) | નિલેશ નંદલાલભાઈ વસાણી, ૧૫-૩-૧૯૭૪, ૫'-૩''<br>B.Com., Diploma Taxation, – બિઝનેસ મો. ૯૯૭૮૪૯૬૩૨૦ | ઝા. વીસા શ્રી. સ્થા. જૈન<br>કુંડલી (બોટાદ)-લીંબડી | (ઘર) ૦૨૭૫૩-૨૬૦૧૨૦<br>(મો) ૯૯૧૩૯૯૪૭૫૫ |
| ૨૦) | નિરજ રાજેન્દ્રકુમાર કોઠારી, ૪-૧૨-૧૯૮૩, ૫'-૯''<br>B.Com., D.T.L.P., – બિઝનેસ | દશા શ્રીમાળી સ્થા. જૈન<br>ઉપલેટા | (મો) ૯૩૭૭૧૪૧૮૭૫<br>૯૩૭૪૧૭૯૧૪૪ |
| ૨૧) | રાજન કિરીટકુમાર મહેતા ૭-૪-૧૯૮૫ ૫'-૧૦''<br>H.S.C., – પ્રિન્ટિંગનો બિઝનેસ (મંગળ છે) સગપણ મૂકેલ છે | દશા શ્રીમાળી સ્થા. જૈન<br>વરાડિયા – ઘાટકોપર | (ઘર) ૨૧૦૨૩૭૭૪<br>(મો) ૯૮૨૧૪૪૨૮૫૦ |

# ભારતમાં હાથીદાંતવાળા માત્ર ૧૭૦૦ હાથી છે

હાથીના દાંતની લાલચમાં નર હાથીઓના થયેલા આડેધડ શિકાર દ્વારા ભારતમાં નર અને માદા હાથીઓના સંતુલનને ખોરવી નાખવામાં આવેલ છે. હવે ભારતમાં હાથીદાંતવાળા માત્ર ૧૭૦૦ હાથીઓ બચ્યા છે. આ અભિપ્રાય વાઈલ્ડ લાઈફ ટ્રસ્ટનો છે. ભારતમાં હાથીઓને હરળા-ફરવા માટેના કૉરિડૉરને બચાવવા માટે ભંડોળ ઊભું કરવાના આશયથી વડોદરા શહેરમાં યોજાયેલા એક કાર્યક્રમમાં વાઈલ્ડ લાઈફ ટ્રસ્ટના હોદ્દેદારોએ ખાસ હાજરી આપી હતી.

ટ્રસ્ટના ચૅરમૅન અને ભારતમાં ૧૪ નૅસનલ પાર્ક અને ૧૧ અભયારણ્યો ઊભાં કરવામાં મહત્ત્વનો ફાળો આપનાર એન. કે. રણજિતસિંહે જણાવ્યું હતું કે આખા વિશ્વમાં હાથીઓ ભારત અને આફ્રિકામાં જ છે. આ બે જ સ્થળે હાથીઓ છે. હાથી એવું પ્રાણી છે જેને વસવાટ માટે અને હરવા-ફરવા માટે વિશાળ જગ્યા અને વધારે પાણીની જરૂરત પડે છે. ભારતમાં બન્નેની તંગી છે.

બીજી તરફ વધતી જતી વસતિના કારણે હાથીઓના વસવાટનાં સ્થળો પણ સંકોચાઈ રહ્યાં છે. હાલમાં હાથીઓના વસવાટ માટે ભારતમાં ૮૮ કૉરિડૉર છે. જેમાં હાથીઓની અવરજવર રહેતી હોય છે, પરંતુ દરેક જગ્યાએ વસતિમાં થઈ રહેલા વધારાના કારણે હવે હાથીઓ અવારનવાર માનવવસાહતોમાં દેખાય છે.

હાથીઓ માટે હરવા-ફરવાના કૉરિડૉર બનાવવા માટે ભંડોળ ઊભું કરવા વડોદરાના નારાયણ જ્વેલર્સ તથા બીજા દેશના નામાંકિત જ્વેલર્સ દ્વારા હાથીના શૅપને જુદી જુદી જ્વેલર્સની આઈટમો બનાવવાનો અનોખો પ્રોજેક્ટ તૈયાર કરવામાં આવેલ છે. જોકે, ટ્રસ્ટનાં માર્કેટિંગ ઑફિસર રૂપાબહેન ગાંધીના કહેવા પ્રમાણે ભારતમાં હાથીઓની ટોટલ વસતિ ૨૭,૦૦૦ની છે. તેમાં હાથીદાંત સાથેના માત્ર ૧,૭૦૦ હાથીઓ છે. આ પહેલાં શિકાર કરવાના કારણે દંતશૂળ સાથેના સેંકડો નર હાથીઓનો શિકાર કરવામાં આવેલ છે.

# આપણી દરેક ચલણી નોટ છપાવવાનો ખર્ચ કેટલો ?

રૂપિયા એક હજારની લાલ કલરની ચલણી નોટ જોવામાં આવતી હોય છે તે નોટ છપાવવા માટે ભારતીય રિઝર્વ બૅન્ક રૂપિયા ૨.૬૯ પૈસા અને રૂપિયા ૩.૯૫ પૈસાનો ખર્ચ આવે છે. એ જ રૂપિયા ૧૦/-ની નાની નોટ છપાવવાનો ખર્ચ ૬૪ પૈસા અને ૯૨ પૈસા જેટલો થાય છે.

આ અંગેની માહિતી રિઝર્વ બૅન્ક ઑફ ઈન્ડિયાના એક આર.ટી.આઈ. કાર્યકર્તા નંદકિશોર કર્દમના એક સવાલના જવાબમાં અપાયેલ છે. કર્દમે જણાવ્યું કે નોટનો દુરુપયોગ કરનારા ખાસ કરીને માળા (હાર) બનાવવી, નોટને વાળવી સહિતના મુદ્દે કાયદાકીય જાણકારી આર.બી.આઈ. પાસે જાણવા માગેલ છે. હાલ આવા શખસો વિરુદ્ધ કોઈ કાયદો બનાવવામાં આવેલ નથી, પરંતુ તેઓ લોકોને અપીલ કરી શકે છે કે કોઈ પણ ચલણી નોટનો ગેરઉપયોગ કરવામાં ન આવે.

ફરીદા ગામના કલા ગામના રહેવાસી આર.ટી.આઈ. એક્ટિવિસ્ટ નંદકિશોર કર્દમ માત્ર ૧૦ વરસ સુધી ભણ્યા છે. નેતાઓના ગળામાં પહેરાવવામાં આવતી નોટોની માળા, મંડપને સજાવવામાં થતો નોટોનો ઉપયોગ, ભગવાનને પહેરાવવામાં આવતી નોટોની માળા સહિતના અનેક મુદ્દે કર્દમે પોતાની નારાજગી વ્યક્ત કરેલ છે. એમણે આર.બી.આઈ. ને આર.ટી.આઈના માધ્યમથી આવા શખસો સામે કાયદાકીય માહિતી માગેલ છે. આ ઉપરાંત કર્દમે જે ચલણી નોટો છપાવવામાં આવે છે તેના ખર્ચ અંગે પણ જાણકારી માગેલ છે. જેના જવાબમાં આર.બી.આઈ.એ જણાવ્યું હતું કે તેઓ ભારતીય પ્રતિભૂતિ મુદ્રણ અને મુદ્રા નિર્માણ નિગમ લિમિટેડ તેમ જ ભારતીય રિઝર્વ બૅન્ક નોટ પ્રા. લિ. નામની બન્ને કંપનીઓને ચલણી નોટો છપાવવા આપે છે.

આ બન્નેના ખર્ચમાં પણ થોડોક ફેરફાર છે. ભારતીય રિઝર્વ બૅન્કની કંપનીમાં જે રૂપિયા ૧,૦૦૦ની નોટ છપાય છે તેનો ખર્ચ રૂપિયા ૨.૬૯ પૈસા થાય છે ત્યારે ભારત પ્રતિભૂતિ કંપનીમાં જે રૂપિયા ૧૦૦૦ની નોટ છપાય છે તેનો ખર્ચ રૂપિયા રૂા. ૩.૯૫ પૈસા થાય છે.

# વિચારીને બોલવામાં અનેક ગુણ

૧) પાછળથી જરા પણ પસ્તાવું ન પડે!

૨) કોઈનું પણ મન દુભાય નહીં!

૩) કોઈની પણ સાથે મનદુઃખ થાય નહીં!

૪) કોઈના પણ મનમાં ખોટું અભિમાન આવે નહીં!

૫) કોઈની પણ મજાક-મશ્કરી થાય નહીં!

૬) કામ કરવામાં ખોટી રીતે ખલેલ પહોંચે નહીં!

૭) સમયનો જરા પણ દુરુપયોગ થાય નહીં!

૮) કોઈની પણ માફી માગવી ન પડે!

૯) અસત્ય બોલવાનું મન થાય નહીં!

*પ્રેષક : ભવાનજી શિવજી નાંગલપુરવાલા, સાંતાક્રુઝ*